Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૯ મું.
અંક ૧૨ મો.

સંવત ૧૯૯૮
અષાડ.



શ્રી નેમિનાથ નિર્વાણસ્થાન પુનિત તીર્થ શ્રી રૈવતાચળ.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. પાર્શ્વનાથ સ્તવન. ... ... ... ... ... ... ... ... ... (સુયશ) ૨૬૯
૨. હંસાન્યોક્તિ ... ... ... ... ... ... (કવિ રેવાશંકર વાલજી બધેકા) ૨૭૦
૩. આત્મબિંબ ... ... ... ... ... ... ... ... (અમરચંદ માવજી શાહ) ૨૭૧
૪. અર્બુદગિરિ ... ... ... ... ... ... ... ... (બાબુભાઇ મ. શાહ) ૨૭૨
૫. પ્રશમની મૂર્ત્તિ સમા અનાથ મુનિ... ... ... (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) ૨૭૩
૬. સત્પુરુષ ... ... ... ... ... ... ... .... (અમરચંદ માવજી શાહ) ૨૭૫
૭. ભાવનાબળ શું ન કરી શકે ? ... ... (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૨૭૬
૮. તાત્ત્વિક ઉપદેશ વચનો (આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી પ્રશિષ્ય મુનિ પુણ્યવિજયઃ સંવિગ્નપાક્ષિક) ૨૭૯
૯. વીર પ્રભુની સ્તુતિ ... ... ... ... (મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) ૨૮૨
૧૦. પેલો દિગંબર સાધુ ! ... ... ... ... ... (મોહનલાલ દી. ચોકસી.) ૨૮૩
૧૧. શ્રી મુનિસુંદરસૂરિ ... (મોહનલાલ દ. દેશાઇ બી. એ. એલએલ. બી. એડવોકેટ) ૨૮૭
૧૨. વર્તમાન સમાચાર (પંજાબ સમાચાર વિ.) ... ... ... ... ... ... ૨૮૯
૧૩. સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ... ... ... ... ... ૨૯૦


---

## અમારા માનવંતા ગ્રાહકોને ૩૯–૪૦ મા વર્ષનું ભેટ પુસ્તક

## "શ્રી વિજયાનંદસૂરિ"

આવતા શ્રાવણ માસથી 'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક ૪૦ મા વર્ષમાં પ્રવેશ કરે છે. ચાર વર્ષથી આત્માનંદ પ્રકાશ માસિકનું કદ (મોટામાં મોટું) ક્રાઉન આઠ પેજી કરેલ છે. વળી વિદ્વાન મુનિમહારાજાઓ અને લેખક બંધુઓના વિવિધ લેખોવડે અને દર માસે નવીન સુંદર રંગોના તીર્થોના ફોટાવડે સુશોભિત, સુંદર અક્ષરો અને સુંદર ટાઇટલવડે સમૃદ્ધ બનેલ હોવાથી ખર્ચ પણ સ્વાભાવિક વધેલ છે, છતાં દર માસે નિયમિત પ્રકટ થયા કરે છે.

હાલમાં ભયંકર લડાઇ ચાલતી હોવાનાં કારણે બે વર્ષથી કાગળો, બ્લોકો અને કલરોના ભાવ ત્રણ ગણા વધ્યા છે (માત્ર છપાવવાના ભાવ વધ્યા નથી !), છતાં આવી ભયંકર લડાઇ માત્ર પચ્ચીશ કે પચાસ વર્ષે દેશના અશુભ ઉદયે જ આવેલ હોવાથી કાગળો વગેરેના ભાવ વધવા છતાં, પણ **'આત્માનંદ પ્રકાશ'ને બીલકુલ હાનિ પહોંચવાનો ભય નથી**, કારણ કે આવો મોંઘવારીનો પ્રસંગ વારંવાર આવતો નથી, તેમ બે ચાર વર્ષ રહે તેથી મોટી ખોટ જવાનો ભય પણ માસિક માટે નથી, કારણ કે ખોટ જતી હોય તો પણ સભામાં બીજા મકાનભાડું, પુસ્તકવેચાણ, જ્ઞાન અને દર માસે થતાં નવા નવા લાઇફ મેમ્બર અને સભ્યોની આવક વગેરે આવકના ખાતા હોવાથી સામાન્ય તોટો આવે તો તે ખાતાઓથી પૂરી શકાય છે તેમ ધારી, માસિકનું જેમ

(અનુસંધાન ટાઇટલ પૃષ્ઠ ૩ જું.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૯ મું : આત્મ- સં. ૪૭ : વીર સં. ૨૪૬૮ : અશાડ :
અંક : ૧૨ મો : વિક્રમ સં. ૧૯૯૮ : જુલાઈ :

## પાર્શ્વનાથ સ્તવન.

( તર્જ–દુનિયા રંગરંગીલી–ફિલ્મઃ ધરતીમાતા )

મલિયા પાર્શ્વ પ્રભુજી પ્યારા, મલિયા પાર્શ્વ પ્રભુજી ...મ૦

યે રસિયા મુજ અંતર વસીયા, શિવામૃત કે ક્યારે હૈ;
જગ ન્યારી હય તેરી માયા [૨] સુખકારી હિતકારી હૈં;
મંજુલ જ્યોતિ દિલ સરોવર, ખીલી ખીલી અલબેલી...પ્યારા-૧

જનમ જનમ ભર પાપો અપના, ધ્યાનગંગા મેં ડૂબાતે હય;
પ્રેમ કી નાવ ચલાતે હૈ, મુગતિ કે ઘાટ દીખાતે હય;
જિસકા નૂર સૂરજ સે ન્યારા, સુરતિ છલછબીલી...પ્યારા-૨

જીવન બગીચા ગુનલ ફૂલડાં, ખીલતે સુખ દીપ જલે;
વો સૈયાંકો ભજનેવાલે, દુનિયા છોડી પાર ચલે;
આજ ઊઠત હૈ યશ સુવેરા, જિનવર તાન રસીલી...પ્યારા-૩

—સુયશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हंसान्योक्ति.

વસંતતિલકા વૃત્ત.

रे राजहंस ! किमिति त्वमिहा गतोऽसि ?
योऽसौ बकः स इह हंस इति प्रतीतः ।
तद्गम्यतामनुपदेन पुनः स्वभूमौ,
यावत् वदन्ति न बकः खलु मूढलोकाः ॥ १ ॥

આ પત્રના સાહિત્યપ્રેમી સારગ્રાહક વાચકવૃંદ !

આ અન્યોક્તિના ગર્ભમાં સ્થાન અને માનની મહત્તાદર્શક કેવું સુંદર રહસ્ય સમાયેલું છે ? તે વાંચો અને વિચારો !!

કોઇ એક રાજહંસ કે જેનું નિવાસસ્થાન માનસરોવર છે. માનસસરનો વૈભવ અને વિલાસ તો કવિકલમનો સુપ્રસિધ્ધ વિષય જ છે. એ રમ્ય સ્થાનમાં વિહાર કરનારો એ પક્ષીભૂષણ હંસ રમણ કરતાં એક શુષ્ક ભૂમિમાં આવી ચઢ્યો. તેનું મનોહર શ્વેતાંગ અને ગંભીર ગતિ જોઇ ગ્રામવાસીઓ આશ્ચર્યચકિત થઇ ગયા ! પરસ્પર બોલવા લાગતા પહેલાં જ ત્યાં કોઇ સંસ્કારી-સુઘડ મુસાફર તે માર્ગે નિકળ્યો. તેણે હંસને જોયો અને મનમાં વિચાર્યું કે-' અહો ! આ શું ? કયાં આ રસવિહોણી ગ્રામ્યભૂમિ અને કયાં આ સ્વચ્છતાની પરિસીમા દર્શાવનારો હંસરાજ !! જરૂર આ પક્ષીરાજ માર્ગ ભૂલ્યો છે, માટે તેનું માનભંગ આ ગામડીઆઓ ન કરે માટે તેને ચેતાવું. એમ વિચારી તે પથિક બોલ્યો કેઃ—

" હે રાજહંસ ! રૂડા-રૂપાળા પક્ષીરાજ ! તું આ ભૂમિમાં કયાંથી આવી ચઢ્યો ? અહીંના લોકો તો બગલાને તથા હંસને સરખાં જ ગણે છે, એ તો " ઉજળું એટલું દૂધ " જ જાણનારા છે, એ સૌ ગુણપરીક્ષક કે ગુણગ્રાહક નથી, તારું સૌમ્ય સ્વરૂપ તેઓ જાણતા નથી, તારી दुग्धजलभेदविधौ प्रसिद्धाम् નામની કુદરત-પ્રસાદિત ચાતુર્યતાથી એ સૌ અજાણ છે, તેથી એકીટસે તને નિહાળી રહ્યા છે; માટે તને સંજ્ઞાથી ચેતાવું છે કે હે ભાઇ ! હવે તું એક પગલું પણ આગળ ભર્યા વિના તુરત જ તારી સ્વભૂમિ તરફ ચાલ્યો જા !!! તારું માહાત્મ્ય, જ્યાં સુધી આ મૂર્ખ લોકોએ આ **બગલો** છે એમ નથી કહ્યું ત્યાં સુધી જ સચવાયું છે, માટે ઓ ચાતુર્યશિરોમણિ હંસરાજ તું એ કઠોર-હૃદયદાહક શબ્દ ન સુણે ત્યાં સુધીમાં ચાલ્યો જા ! ભાઇ ચાલ્યો જા !!!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારાન્તરે બોધ દર્શાવનારી આ અન્યોક્તિ સ્પષ્ટ સૂચન કરે છે કે સ્થાનભ્રષ્ટ થવું એ જ માનભ્રષ્ટ થવાની નિશાની છે. દેશી પ્રસિધ્ધ વ્યવહારી કહેવત પણ છે કે- દંતા, નરા, નખા, કેશા એ ચારે स्थानभ्रष्टा न शोभन्ते અર્થાત્ સ્થાનમાં જ માન છે.

વસંતતિલકા.

હે રાજહંસ સર માનસના નિવાસી, સ્વસ્થાન છોડી અહીં આજ બન્યો ઉદાસી;
તારું ન ગૌરવ અહીં સચવાય ભાઇ, આ લોક हंस-बक એક ગણે સદાઇ. ૧
રે ભાઇ ! તું ઝટ હવે અહીંથી સીધાવે, જ્યાં સુધી લોક बक શબ્દ તને ન ગાવે;
ત્યાં સુધીમાં નિજ સ્થળે જઇને વિરામે, રે સ્થાનભ્રષ્ટ જન સૌ અપમાન પામે. ૨

દોહરા.

માનવજીવનનું ખરું, માન એ જ મહતત્ત્વ;
આ અન્યોક્તિમાં રહ્યું, સાચું એક જ સત્ત્વ. ૧

છેવટ શાસ્ત્રોક્ત એક સૂત્રવાક્ય લખી આ વિવેચન સમાપ્ત કરીશ. " परसदन निवासी को लघुता न याति । "

વહાલા વાચક બન્ધુઓ ! આ સત્વને આપ પણ સ્વીકારશો કે ?

વડવા તા. ૨૮ : ૬ : '૪૨ સૂર્યવાસર } રેવાશંકર વાલજી બધેકા
નીતિધર્મોપદેશક-ઉ. જૈન કન્યાશાળા-ભાવનગર.

# આ ત્મ બિં બ.

( ચોપાઈ )

દર્પણથી દેખાયે મૂખ, કેવળજ્ઞાની દેખે સુખ;
દીપકથી થાયે ઉજાસ, કેવળજ્ઞાને આત્મપ્રકાશ. ૧
સૂર્યથી સઘળે સ્થળ પ્રકાશ, કેવળજ્ઞાને અંતર ઉજાસ;
જળમાં દેખાયે પ્રતિબિંબ, કેવળજ્ઞાને આત્મબિંબ. ૨
કર્મ સકલનો થાયે ક્ષય, કેવળજ્ઞાનનો થાય ઉદય;
ભૂત, ભવિષ્ય ને વર્તમાન, કેવળી દેખે તે તત્કાળ. ૩
અનંતજ્ઞાન એ વિણ અભ્યાસ, ધ્યાનથી થાતાં કર્મો નાશ;
તત્કાળ થાયે કેવળજ્ઞાન, નાશ થતાં 'અમર' અજ્ઞાન. ૪

—અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અર્બુદગિરિ.

(શિખરિણી)

પુરાણો તું શાસ્ત્રે, લઘુ હિમગિરિ ! ગૂર્જરતણા,
દિગન્તે વ્યાપ્યો છે, તુજ સુયશ વેગે અતિ ઘણા;
વળી કંઈ શાસ્ત્રો, તુજ ગુણતણા પાઠ વદતા,
અને તારે કાજે, કવિજન અરે ! વાદ ચઢતા. ૧

ખરે તું શોભા છે, રસસદન છે રમ્ય પણ છે,
વિલોકંતે આવે, રસિકજનને તું રમણ છે;
વળી લીલાં ઝાડો, કુસુમલતિકાનું જતન છે,
નદી ને નાળાનું, યુગ યુગથકી તું વતન છે. ૨

વિહંગોને પ્રાણી, બહુવિધતણા આંગણ વસે,
અમો પામ્યા આવું, સુખઘર પ્રભો ! અંતર હસે;
વળી રમ્યોત્સંગે, ઋષિજન રમ્યા કેઈ રમતાં,
અને શાન્તિ કાજે, વિવિધજન કં આવી વસતાં. ૩

વળી વસ્તુપાલે, સચિવ વિમલે ગૂર્જરતણાં,
વધારી શોભા છે, અનુપમ કલાથી જગતમાં;
અને ચૈત્યો જૈની, અચળગઢમાં હાટકતણાં,
પ્રસારે છે દીપ્તિ, અતિશય અને દિવ્ય જગમાં. ૪

બન્યા છે કેમ્પોમાં, વિધવિધ પરે કેતન હવે,
બજારો બંધાઇ, નગર સરખો લાગત હવે;
બન્યા છે મ્હેમાનો, દૂર મુલકના માનવ અને,
રમે છે તારે ત્યાં, ખુશ ખુશ થઇ હૃષ્ટ વદને. ૫

—બાબુભાઈ મ. શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે. મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.

# પ્રશમની મૂર્તિસમા અનાથ મુનિ

દેહ–વેદના ટાળવા ઔષધ પથ્ય બને,
કદાચ દેહ–વેદના ટાળવા ઉપચાર મળે;
પણ ઔષધ શું અનાથપણું ટાળવાનું ?
ઔષધો સર્વ નિર્માલ્ય છે ત્યાં,
અન્યની સહાય છે વૃથા,
પથ્ય નીવડે ત્યાં તો સ્વાવલંબીપણું.
આત્મા નિજ સ્વરૂપ નિહાળી,
સ્વરૂપમાં સદા તન્મય રહે,
તે જ સ્વાવલંબન,
ધન, વૈભવ, સ્ત્રી, સંબંધીઓ
સંબંધ ધારે સ્વાર્થ અર્થે જ;
બાહ્ય પ્રલોભનોથી વિરક્ત આત્મા જ
દૂર કરે અનાથપણું, ને
તરીને પાર થાય દુસ્તર ભવસાગર,
યથા પાર કર્યો અનાથ મુનિવરે.

* * * *

ધર્મપ્રેમી હતો, પ્રજાપ્રિય—
મગધેશ્વર શ્રેણિક.
ગજરાજ, રથ, વાજી અનુચરગણ પરિવારિત્
અશ્વક્રીડા કરતો વિચર્યો એકદા
સમૃદ્ધ ને સુશોભિત રાજગ્રહી નગરના
સુંદરતાના પ્રતિકરૂપ
મંડિત કુક્ષિનામક ચૈત્ય–ઉદ્યાને.
કુસુમોથી લચતી લતિકાઓ,
વિવિધરંગી વિહગો,
ભ્રમરોના ગુંજારવથી,
અલંકૃત હતો આ ઉદ્યાન,
દેવ–ગણના નંદનવન સમો,

ઉદ્યાનના મધ્યમાં
સ્ફટિકની શિલા પર
વિરાજિત હતા સુશાન્ત
એક મુનિવર.
સુકુમાર, સુસમાહિત, સંયત
એ સાધુવર પર દૃષ્ટિ ઠરી–
એ નૃપાલ શ્રેણિકની.
અચાનક જ વચનો સર્યાં
નૃપાલના મુખ–કમલથી
**अहो वर्णः अहो रूपम्**
**अहो आर्यस्य सौम्यता !**
**अहो क्षान्तिः अहो मुक्ति ( निर्लोभता )**
**अहो भोगेऽसंगता ॥**
અહો વર્ણ અહો રૂપ, કેવી આર્યની સૌમ્યતા !
ક્ષાન્તિ કેવી ! અહો! મુક્તિ, કેવી ભોગે અસંગતા !
અને અનિલના બળે ઝૂકે વૃક્ષ
તેમ ઝૂકયો નૃપ,
મુનિવરના ચરણારવિન્દમાં;
તપરૂપી પ્રબલ વાયુના બળથી,
ને પ્રશ્ન કર્યો
" આર્ય કેમ ગ્રહી સાધુતા
આવી યુવાવસ્થામાં ? "
સૌમ્ય વદને ઉચ્ચરે છે સાધુવર,
" રાજન ! હું અનાથ છું,
નથી કોઇ નાથ મારો;
ન મિત્ર કોઈ, ન સંબંધી,
દીક્ષા ગ્રહી એ જ કારણે
યુવાવસ્થામાં. "
નમ્રભાવે વદે છે નૃપતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" મુખાકૃતિ ને સ્વરૂપ સંપત્તિ
સ્પષ્ટ વ્યક્ત કરે છે મહારાજ !
કે નથી આપ અનાથ.
' यत्राकृतिस्तत्र गुणा वसन्ति '
છતાં આજ્ઞા હોય તો
થાઉં હું નાથ આપનો
સર્વ રીતે થશે સુલભ આપને. "
મંદ સ્મિત કરે છે મુનિવર
મગધરાજના પ્રત્યુત્તરમાં.
" અનાથ છે તુંયે રાજન્ !
તો કયાંથી બને તું નાથ અન્યનો ? "
आत्मनापि अनाथोऽसि, श्रेणिक ! मगधाधिप ।
आत्मनाऽनाथः सन्, कथम् नाथो भविष्यसि ॥
( उ. अ. २० )
સંભ્રાન્ત થતો ચમકીને
રાજા વદે હાથ જોડી
" મુનિવર છો આપ, મા વદો અસત્ય,
હાથી, ઘોડા, અઢળક દોલત,
અનેક વૈભવથી વૈભવશાળી હું
કેવી રીતે અનાથ છું મહારાજ ? "
પ્રત્યુત્તરે વદ્યા સાધુવર,
" ન સમજ્યો મર્મ મારા વચનનો
મગધપતિ શ્રેણિક !
પ્રાચીન સમયથી સર્વ નગરોમાં–
ઉત્તમ હતી
કૌસાંબી નામે નગરી.
ત્યાં હતા નામાંકિત
ધનસંચય નામે મારા પિતા.
તેમના નયનની કીકી સમાન
હું હતો લાડકવાયો;
તરુણાવસ્થામાં એકદા
અત્યંત પીડાકારી ઉપજી
અચાનક જ નેત્રપીડા;
નિપુણ પ્રાણાચાર્યોએ
કુશળતાથી યોજ્યા ઉપચારો,
અંજન, બંધન, લેપન ને મર્દન
ચતુર્વિધ કરી ચિકિત્સા,
છતાં સર્વ નિવડ્યાં નિષ્ફળ.
એ જ મારું અનાથપણું,
પિતા હતા સર્વ સંપત્તિ ખર્ચવા
મારા આરોગ્ય ખાતર,
છતાં થયા અસમર્થ,
એ જ મારી અનાથતા.
વાત્સલ્યના ઉદધિ સમી
મારી જન્મદાત્રી,
આ સમયે થઇ નિરુપાય,
એ જ મારી અનાથતા
સહોદરનો દાવો કરનાર
બંધુઓ થયા લાચાર
એ જ મારી અનાથતા.
પ્રેમભાવની સરિતાઓ સમી
ભગિનીઓ રડતી જ રહી.
પણ ન બચાવી શકી,
એ જ મારી અનાથતા.
પતિવ્રતા હોવા છતાં
અશક્ત વૃત્તિ દાખવતી,
આંસુ સારતી જ રહી
મારી પ્રિયતમ પત્ની,
એ જ મારી અનાથતા.
કોણ સહાય કરે ?
સર્વ હતાં લાચાર, અશક્ત.
ઘનઘોર વાદળોમાં જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચમકી જાય વિદ્યુત્–
તેમ અપાર વિપત્તિઓમાં
આવ્યો વિદ્યુત્ સમો વિચાર–
કે ‘ વેદનામુક્ત થાઉં તો
ગ્રહણ કરું પવિત્ર સંયમ. ’
અને ભવમુક્ત થવા સંયમથી
કરું આત્મ .... .... કલ્યાણ.
નિદ્રાધીન થયો એમ વિચારી;
રાત્રિના વહન સાથે ક્ષીણ થઇ
મારી ભયંકર નેત્ર–વેદના,
અને પ્રભાતે તો તદ્દન સમી ગઇ.
સંયમી થયો સંબંધીઓની અનુજ્ઞાથી,
આત્મિક સ્વાવલંબન એ જ
સાચી સનાથતા.
રાજન ! ‘ આત્મા છે જાતે જ
કામદુધા ને નંદનવન સમો;
પોતાનો જ પોતે મિત્ર ને શત્રુ ’
‘ उत्पथ प्रस्थित शत्रु–मित्रं सत्पदमाश्रितः ।
अयमात्मैव बाह्येषु, भ्रान्ते शत्रुत्व–मित्र ते ॥१॥ ’
ચારિત્રધારી શ્રમણો,
ચારિત્ર ગ્રહી જોડે વિષયે વૃત્તિ,
એ જ મહાન અનાથતા.

ન ટળે એ અનાથતા જન્માન્તરે પણ;
સનાથતાનો સાચો આદર્શ તો
વસેલો છે તેજસ્વી નિર્મળ સંયમમાં જ.”
વિનમ્ર થયા મગધપતિ
સુણીને સાધુના વચનામૃતો;
ક્ષમા યાચી અવિનય માટે,
પ્રત્યાગમન કર્યું નગરે,
સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને;
હિંસક પ્રાણીઓમાં પણ
અહિંસા પ્રવર્તાવી,
શાંતિનો મહામંત્ર પઢાવતા
નિર્વાણે સિધાવ્યા
એ મહાન અનાથ મુનિ.

( વસંતતિલકા )

સન્માર્ગમાં પગ ધર્યો નૃપ શ્રેણિકે જ્યાં,
શાન્તિ પ્રભાવ પ્રસર્યો ક્રુર પ્રાણીઓમાં,
ચારિત્રની મધુર સૌરભને પ્રસારી,
સેવા અનાથ મુનિના ચરણે અમારી.

અનુષ્ટુપ—

ધન્ય ! એવા મુનિ જેના બોધે લાખો ઉદ્ધર્યા,
મુનિ હેમેન્દ્રના ભાવ એવા સદા ભર્યા.

* * * *

# સત્પુરુષ.

તવંગરને રોજ દિવાળી, ગરીબ જાણે હોળી,
સંતપુરુષને સૌ દીન સરખાં, ભરે જ્ઞાનની ઝોળી;
સંતપુરુષ છે સૌથી મોટાં, રાજા પણ છે નીચા,
ભલે હોય નહિ દમડી પાસે, જ્ઞાનખજાને ઊંચા.

—અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે: આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

# ભાવનાબળ શું ન કરી શકે ?

કર્મવાદને પ્રધાન માનનાર માનવજાતિ અને ઈશ્વરવાદને પ્રધાન માનનાર માનવજાતિ બંને ય ભાવનાબળને ઘણી જ મહત્ત્વતા આપે છે. માનવજાતિમાં આપત્તિ–વિપત્તિ તથા સંપત્તિના જે પ્રસંગો ઉપસ્થિત થાય છે તેનું મુખ્ય કારણ સામુદાયિક ભાવનાબળ છે. પુદ્ગલાનંદી જડાસક્ત જીવોનું સંખ્યાબળ વધે છે ત્યારે વૈષયિક વાસના પોષવાને માટે અધર્મ તથા અનીતિના આશ્રય તળે મલિન ભાવનાઓનું બળ પણ વધે છે અને અનિચ્છાયે પણ માનવજાતિને આપત્તિ–વિપત્તિ ભોગવવી પડે છે.

આપત્તિ–વિપત્તિ ભોગવવાના અનેક પ્રકાર છે; જેવા કે–બિમારી, ભૂકંપ, યુદ્ધ, જળપ્રલય, અગ્નિપ્રકોપ વિગેરે વિગેરે. આ બધા ય નિમિત્તો પ્રાણીઓના ધન તથા જીવનનો હ્રાસ કરનારા છે, નાશ કરનારા છે. પુદ્ગલાનંદી પ્રાણીઓ પૌદ્ગલિક સુખના સાધનોનો હ્રાસ થવાથી કે નાશ થવાથી અથવા તો હ્રાસ તથા નાશની આશંકાથી અત્યંત ગભરાયલા ચિંતાતુર બનીને પ્રાણોથી પણ મુકાઈ જાય છે. યદ્યપિ તત્ત્વજ્ઞાની મહાપુરુષો આપત્તિ–વિપત્તિને કર્મની નિર્જરાનું કારણ માનીને ચિંતાતુર બની આર્ત્તરૌદ્ર ધ્યાન કરતા નથી અને સમભાવે શાંતિથી વેદી લે છે, પરંતુ પુદ્ગલાનંદી, વિષયાસક્ત, દેહાધ્યાસી સંસારી જીવો તો વસ્તુતત્ત્વથી અજ્ઞાત હોવાથી વિનાશી ધન તથા જીવનને જ સુખ શાંતિનું સાધન માને છે, અને તેના વિયોગના નિમિત્તને આપત્તિ–વિપત્તિ માને છે. જેનાથી મુકાવાને અર્થાત્ બનાવટી સુખના સાધનરૂપ ધન તથા જીવનને જાળવી રાખવાને અનેક પ્રકારના ઉપાયો કરે છે, છતાં તેમાં સફળતા તો થોડાક જ મેળવી શકે છે; કારણ કે પૌદ્ગલિક સુખના સાધનો જડ તથા જડના વિકાર સ્વરૂપ હોય છે. તેનું અસ્તિત્વ જાળવી રાખવાને પુદ્ગલસ્વરૂપ પુણ્યકર્મની અત્યંત આવશ્યકતા રહે છે. પુણ્યકર્મ સિવાય ધનસંપત્તિ જાળવવાને માટે બાહ્યથી કરવામાં આવતા દરેક પ્રયત્નો નિષ્ફળ નિવડે છે, અને એટલા માટે જ મુખ્યપણે ધાર્મિક પ્રયત્ન જ કરવો ઘટે છે. તે સિવાયના બધા ય પ્રયત્નો નકામા છે.

પૂર્વકાળે ધાર્મિક શ્રદ્ધાના યુગમાં જ્યારે જ્યારે આપત્તિ–વિપત્તિ આવતી ત્યારે ત્યારે માનવજાતિ પોતપોતાની માન્યતા પ્રમાણે તન, મન અને ધનથી ધાર્મિક અનુષ્ઠાનોનો અત્યંત આદર કરતી. મોજશોખ તથા કાંઇક લોભદશાને લઇને યત્કિંચિત્ કરવામાં આવતી અનીતિ તથા અધર્મને તિલાંજલી આપીને સર્વ જીવ સુખી થાઓની ભાવનાથી કોઈ શાંતિસ્નાત્ર, જપ–તપ આદિ ધાર્મિક પ્રવૃત્તિ કરતું, તો કોઇ યજ્ઞયજનાદિ, કોઇ પ્રભુ પ્રાર્થના તો કોઈ દાન પુન્ય કરતું. તાત્પર્ય કે સહુ કોઈ આપત્તિ–વિપત્તિમાંથી ઉગરવાને પોતપોતાના ઈષ્ટની સહાય માગતું, અને પુન્યબળ વધારવાને પ્રયત્ન કરતું, કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેને લઈને આપત્તિ-વિપત્તિમાંથી બચી જઇને સુખી થતું; પરંતુ અત્યારે એનાથી વિપરીત પ્રવૃત્તિ જોવામાં આવે છે. પહેલાં શ્રદ્ધાવાદનો સમય હતો ત્યારે અત્યારે બુદ્ધિવાદનો સમય છે, અને તેના અંગે અત્યારે ધન તથા જીવનને બચાવવાને ધાર્મિક પ્રવૃત્તિઓને છોડી દઈને કેવળ બુદ્ધિનો જ અનેક પ્રકારે ઉપયોગ થઇ રહ્યો છે. ધનને ઓળખીને કોઇ લઈ ન જાય અથવા તો કોઇ નાશ ન કરી શકે એટલા માટે તેને સોનું, ચાંદી, નોટો, ઘર, જમીન આદિ અનેક રૂપોમાં ફેરવી નાંખવામાં આવે છે, જીવન બચાવવાને સ્થળાંતરો કે દેશાંતરો કરવામાં આવે છે, તો પણ ધન તથા જીવનના નાશની આશંકા ટળતી નથી. આવા સમયમાં યે મોજશોખ છૂટતા નથી, અધર્મ તથા અનીતિથી બચતા નથી; વૈષયિક તૃષ્ણાઓ ઓછી થતી નથી; વૈરવિરોધ શમતા નથી, અને એક બીજાના ભલાની ભાવનાની જાગૃતિ થતી નથી. પાડોશીનું બળી જાઓ, ઢળી જાઓ કે સર્વ નાશ થઈ જાઓ; પણ મારું તો બચી જ જાઓ. આ પ્રમાણેની ભાવનાવાળાઓની સંખ્યા વૃદ્ધિગત થતી ગઇ અને એક બીજાના વિનાશની ભાવનાનું વાતાવરણ ઉગ્ર બની ચોમેર ફેલાતું ગયું. તેમજ બીજા સુખી થાઓ કે દુઃખી થાઓ પણ મારે તો બાગ, બંગલા, મોટર, નોકર, ચાકર, મિષ્ટાન્ન, સુંદર સુંદર ઘરેણાં, વસ્ત્ર અને સિનેમા, નાટક, ખેલ, તમાસા જોઇએ જ એવી ભાવનાથી પરની પીડા ન ગણીને પરસંપત્તિને પોતાની બનાવવાના પ્રયાસમાં જ અનીતિ તથા અધર્મનો પ્રચાર વધતો ગયો કે જેને પરિણામે અત્યારની દુઃખદ પરિસ્થિતિ ઊભી થઈ છે. જ્યારે જ્યારે એક બીજાના વિરોધની, દ્રોહની ભાવનાનું બળ વધે છે ત્યારે આવા આપત્તિ-વિપત્તિના પ્રસંગો ઉપસ્થિત થાય જ છે, અને પાછું જ્યારે શુભ ભાવનાબળ વધે છે ત્યારે આપત્તિ-વિપત્તિ નાશ પામી જાય છે.

ધર્મ તથા નીતિ, મનગમતા મોજશોખમાં તેમજ તુચ્છ વૈષયિક વાસનાઓ પોષવામાં બાધ કરતા જણાવાથી કેટલાક પુદ્‌ગલાનંદી જીવો સુધારક તરીકે બહાર આવ્યા અને માનવસમાજના ધાર્મિક તથા નૈતિક બળને નિર્બળ બનાવવા ઐહિક પૌદ્‌ગલિક સુખને સન્મુખ રાખીને તેમની ધાર્મિક તથા નૈતિક ભાવનાઓને ભૂંસી નાંખી ધર્મનો આશ્રય લેનાર અને નીતિનો આદર કરનાર માનવસમાજ દુઃખી થઈ રહ્યો છે અને ધર્મ તથા નીતિને તિલાંજલિ આપી સ્વેચ્છાવિહારી માનવસમાજ બાહ્ય સંપત્તિ મેળવી સુખ ભોગવી રહ્યો છે, એવી શ્રદ્ધા બેસાડવા, પ્રાચીન સુકૃતના બળથી સુખ ભોગવતા ધર્મવિહીન માનવીઓને ઉદાહરણ તરીકે આગળ મૂકીને જડાસક્ત-ભાગ્યહીન અનેક જીવોને અધર્મ તથા અનીતિના સંસ્કાર બેસાડ્યા કે જેના અંગે અનાદિ કાળથી પૌદ્‌ગલિક સુખમાં ટેવાયલા જીવોની ધર્મભાવના ખસતી ગઇ અને અધર્મની ભાવનાનું બળ વધી ગયું. કેટલાક સુધારકો પણ પોતાના પ્રયત્નમાં સફળતા માનવા લાગ્યા. પણ આ સુધારકો અને તેમનો સુધારો કુદરતને ગમ્યો નહીં, એટલે કુદરતે પોતે જ માનવસમાજનો સાચો સુધારો કરવા કમર કસી છે, અને અધર્મ તથા અનીતિની ભાવનાથી સુખ મળી શકતું નથી પણ પૂર્વસંચિત પુન્યબળથી મળેલા સુખનો નાશ થઇને પરિણામે દુઃખ જ ભોગવવું પડે છે, તેનો તાદૃશ ચિતાર અત્યારના પ્રસંગોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવી માત્રને પ્રત્યક્ષ બતાવી રહી છે. સુધારકોની સુધારણા અને ધારણાને ધરાશાયી બનાવવાને અદૃષ્ટ મહાશક્તિ તનતોડ-અસીમ પ્રયત્ન કરી રહી છે. જે ભૂમિ અને પ્રદેશો સ્વર્ગના સૌંદર્યની સ્પર્ધા કરતા હતા તેને જ અત્યારે ભયાનક યાતનાના સ્થળોનું સ્મરણ કરાવી રહી છે. જડાસક્ત અલ્પજ્ઞ જીવોની તુચ્છ બુદ્ધિથી ગૂંથેલી વાગૂજાળમાં ફસાઇને સર્વજ્ઞ મહાપુરુષોના વચનોનો અનાદર કરનારાઓને સર્વજ્ઞોના સિદ્ધાંતોની સત્યતા સિદ્ધ કરી આપ્યા સિવાય અદૃષ્ટ મહાશક્તિ સંહારના કાર્યમાંથી વિરામ પામવાની નથી.

ધર્મબળ અને બુદ્ધિબળ આ બંને પ્રકારના બળોમાંથી ધર્મબળ વધી જાય છે. દેખીતી રીતે તો બળ કરતાં બુદ્ધિબળ બહુ જ સારું કાર્ય કરતું જણાય છે, પરંતુ પરિણામે વિનાશક તથા વિઘાતક પોતાના સ્વભાવ પ્રમાણે માનવસમાજને ફળ આપવાવાળું થાય છે. કોઇપણ કાર્યના પરિણામે બુદ્ધિનો પક્ષપાતી માનવી, જ્યારે સફળતા મેળવે છે ત્યારે બુદ્ધિમત્તાના આવેશમાં આવી જઇને ધર્મબળને હસી કાઢીને વખોડે છે, પણ ધર્મબળને લઇને જ બુદ્ધિબળ કાર્યનું સાધક બની શકે છે, આ બાબતથી અનભિજ્ઞ મિથ્યાભિમાની માનવી જ્યારે બુદ્ધિનું પરિણામ વિનાશના રૂપમાં અનુભવે છે ત્યારે તો બુદ્ધિબળની અકિંચિત્ કરતાનું ભાન થવાથી સર્વ કાર્યમાં નિરાશ બનીને નિશ્ચેષ્ટ થઇ જાય છે. ધર્મબળ વગરનું કેવળ બુદ્ધિબળ શું કાર્ય કરી શકે છે તે સહુ કોઇને અત્યારે પ્રત્યક્ષ થઇ રહ્યું છે. એક વખતની બાહ્ય સુખની સહાયક બુદ્ધિની પ્રશંસા કરનારાઓ આજે તે જ બુદ્ધિને સંહાર સ્વરૂપવાળી જોઇને વખોડી રહ્યા છે, ધર્મબળ ખૂટી પડવાથી બુદ્ધિબળના કાર્યક્ષેત્રમાં ઘણી જ અવ્યવસ્થા ઊભી થઇ છે. વિનાશમાં પણ આબાદીની આશા રાખનારા બુદ્ધિશાળીઓ પોતાની બુદ્ધિને વિનાશના પંથે વાળી રહ્યા છે, પણ પ્રાચીન અથવા તો અર્વાચીન ધર્મબળ વગર વિનાશમાંથી આબાદી મળવી મુશ્કેલ છે. યદ્યપિ વિનાશની ભાવના અભ્યુદય કરવાવાળી થઇ શકતી નથી, તો પણ પ્રાચીન પુન્યબળથી એક વખત વિનાશક પણ પોતાના કાર્યમાં વિજય મેળવી શકે ખરો પરંતુ પરિણામે તે જ વિજય પરાજયના રૂપમાં ફેરવાઇ જાય છે. વિનાશ સ્વરૂપથી જ વિપત્તિનો વિકાસી છે; પણ સંપત્તિનો તો વિનાશક જ છે, અને એટલા માટે જ વિનાશની ભાવનાનું વર્તુળ વિશાળ થવાથી આપત્તિનો અંત શીઘ્ર આવી શકે તેમ નથી. બીજાના વિનાશની ભાવના તે વહેલી મોડી પોતાના જ વિનાશ માટે થશે, કારણ કે અરસપરસની વિનાશની ભાવના સમગ્ર માનવસમાજમાં વ્યાપી જવાથી સામુદાયિક ભાવનાબળથી માનવી માત્રને આપત્તિવિપત્તિના ભાગી બનવું પડશે. બીજાના તરફ દુર્લક્ષ રાખીને કેવળ પોતાના જ માટે કરવામાં આવતી ભાવનાથી વ્યક્તિગત બચાવ થઇ શકતો નથી પણ સમષ્ટિના બચાવની ભાવનાથી આપત્તિવિપત્તિ લય પામી જઇને સર્વનો બચાવ થઇ શકે છે, માટે સર્વના શ્રેયમાં જ પોતાનું શ્રેય સમાયલું છે, સર્વના સુખમાં જ પોતાનું સુખ સમાયલું છે આવી દૃઢ શ્રદ્ધાથી શુદ્ધ અંતઃકરણપૂર્વક સર્વના ભલાની ભાવના જ ઉપસ્થિત થયેલા દુઃખદ પ્રસંગને દૂર કરી શાંતિ કરવાવાળી થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંગ્રાહક ને યોજક : આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીના પ્રશિષ્ય
મુનિશ્રી પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક)

# તાત્ત્વિક ઉપદેશ વચનો.

( ગતાંક પૃષ્ઠ ૨૫૫ થી શરૂ. )

૭૯. કોઈપિણ બાબતમાં એકાંત આગ્રહ જો થઈ જાય તો પશ્ચાત્ સાચા સત્યનો નિશ્ચય કરવાની શક્તિ પ્રાપ્ત થતી નથી. દૃષ્ટિરાગથી વા મૂઢતાથી મનુષ્ય દેવગુરુધર્મની પરીક્ષા કરી શકતો નથી.

૮૦. જેના મનમાં સંવેગ થયો હોય છે, તે અનાસક્તિથી કર્તવ્ય કર્મોને કરતો છતાં નિર્લેપ રહી શકે છે. સંવેગ થયા વિના દેહાધ્યાસ ટળતો નથી. તથા નામરૂપમાંથી અહંમમતાધ્યાસ ટળતો નથી અને તેમ સંવેગ પ્રાપ્ત થયા વિના આત્મિક સુખનો નિશ્ચય થતો નથી.

૮૧. સંવેગ એ કંઇ બજારમાં મળતી ચીજ નથી, પણ આત્મપરિણામ વિશેષ જ છે. સંસાર ઉપર નિર્વેદ ( સાચો કંટાળો ) થવો ને મોક્ષ ઉપર ખરેખર અનુરાગ થવો તે જ સંવેગ છે.

૮૨. સર્વ નય સાપેક્ષ જ્ઞાન પ્રાપ્ત થવાથી ધર્મશાસ્ત્રોમાં પ્રગટતાં અનેક વિરોધો શમે છે, અને મિથ્યાજ્ઞાન તથા રાગદ્વેષનો પણ ઉપશમ થાય છે. સદ્ગુરુ સર્વ નયોની અપેક્ષાએ સર્વ ધર્મદર્શનો સમજાવીને શિષ્યને સમર્પે છે, ત્યારે શિષ્યમાં ધર્મની યોગ્યતા પ્રગટે છે.

૮૩. વિશ્વમાં પ્રવર્તિત સર્વ ધર્મના મૂલ સિદ્ધાન્તોનું સ્વરૂપ અનુભવ્યાથી તથા સર્વ ધર્મોની વૃદ્ધિમાં હેતુઓનો અનુભવ કર્યાથી સર્વ ધર્મપ્રવર્તક વિચાર આચારોની કુશલતા પ્રાપ્ત થઈ શકે છે.

૮૪. સર્વ ધર્મના સિદ્ધાન્તોની માન્યતાઓને સાપેક્ષપણે સમજનાર તથા વર્તમાનકાળમાં ધર્મપ્રર્વતક માન્યતાઓને તથા પ્રવૃત્તિઓને સાપેક્ષપણે સમજનાર ધર્મની અને ધર્મીઓની વૃદ્ધિ કરી શકે છે.

૮૫. વિશ્વવર્તી સર્વ ધર્મોમાં જે જે સત્ય સાર છે, તે સર્વજ્ઞ વીરપ્રભુ પ્રતિપાદિત વેદ-વચનો છે, એમ જાણી સર્વ ધર્મના સત્ય સારને જે ગ્રહણ કરે છે તે સત્ય જ્ઞાની બની શકે છે.

૮૬. સર્વ ધર્મોમાં પક્ષપાત વિનાની દૃષ્ટિએ દેખવામાં આવે તો સત્ય સાર કંઈ ને કંઈ હોય છે. તેનો અપલાપ જે કરતો નથી તે ગુરુની યોગ્યતાને પ્રાપ્ત કરે છે. સંપૂર્ણ સત્ય સાર તો એક વીતરાગકથિત ધર્મમાં જ છે.

૮૭. જો સ્યાદ્વાદદૃષ્ટિ યાને અનેકાન્તદૃષ્ટિ પ્રાપ્ત થાય તો અનેક નયોની સાપેક્ષતાએ સર્વ ધર્મમાંથી સત્ય ગ્રહી શકાય છે.

૮૮. આ વિશ્વમાં જ્યાં ત્યાં સત્ય ઘણું છે, એમ વીતરાગ સર્વજ્ઞદેવ પ્રરૂપે છે. સત્યના અંશો વિના કોઇ ધર્મ વિશ્વમાં જીવી શકતો નથી. હિંસા, મિથ્યા માન્યતા વિગેરે અસત્ય પણ હોય છે, પરંતુ જ્ઞાની પુરુષ હંસની દૃષ્ટિ ધારણ કરી અસત્ય ધર્મને મૂકી સત્યને ગ્રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮૯. વિશ્વમાં રાજસત્તાથી જે શાંતિ થતી નથી તે ધર્મસત્તાથી થાય છે. આત્મધર્મ શુદ્ધ બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન કરીને જે અન્ય મનુષ્યોને ઉપદેશ આપે છે તે વિશ્વની વા દેશની ઉન્નતિનો પ્રચારક બની ગુરુ નામને દીપાવનાર બને છે.

૯૦. જેમ જેમ રાગદ્વેષનો ઉપશમ થાય છે તેમ તેમ ન્યાયપ્રિયતા ખીલતી જાય છે. ન્યાયપ્રિય મનુષ્ય સત્ય ધર્મને ગ્રહી શકે છે અને અસત્યનો ત્યાગ કરી શકે છે. જે મનુષ્ય ન્યાયપ્રિય હોતો નથી તે રાગદ્વેષના પક્ષપાતમાં પડે છે.

૯૧. સ્વાધ્યાય એટલે સ્વનો અધ્યાય એટલે આત્માના સ્વરૂપનું ચિંતવન. 'હું કોણ છું? મારું સ્વરૂપ શું? મારું કર્તવ્ય શું? મારું સાધ્ય શું?' આવા વિચારો કરવા કે આત્માના સ્વરૂપને લગતું વાંચન કરવું તે સ્વાધ્યાય કહેવાય છે.

૯૨. આપણે બીજાના આશયોની તુલના કરવામાં ઘણી વાર ભૂલ કરીએ છીએ. આપણે અમુક કાર્ય જોઈએ છીએ, પણ તે કાર્ય કરવાનો તેનો આશય જોતા નથી.

૯૩. કોઈનો એકાદ સામાન્ય નિર્બળ ભાગને દેખી તેના આખા ચારિત્રનું માપ કાઢવું યોગ્ય નથી.

૯૪. ભૂલને વશ બનેલાનો તિરસ્કાર કરવો તે યોગ્ય નથી, કેમકે ત્યાં તેમનો દોષ નથી. પૂર્વનો પ્રબળ સંસ્કાર તેના વેગની દિશામાં ઝડપથી ગતિ કરતો હોવાથી તે સામે ટક્કર ઝીલી ઊભા રહેવું એ ગમે તેવા પુરુષાર્થી આત્માઓ માટે અશક્ય અને અસંભવિત છે.

૯૫. દરેક કાર્ય ભૂતકાળમાં થયેલા કારણનું કાર્ય છે, અને તે જ કાર્ય ભવિષ્યમાં થવાના કાર્યનું પાછું કારણ થાય છે. આ પ્રમાણે જોતાં દરેક કર્મ એક રીતે કાર્ય છે અને બીજી રીતે જોતાં કારણ છે. આ રીતે કાર્ય માત્રને કાર્ય કારણ સંબંધ છે.

૯૬. પ્રવ્રજ્યા માત્ર ગ્રહણ કરવાથી જ સંતોષ માની બેઠેલા, બેડો પાર થઈ ગયો તેવું સમજી બેઠેલા અને યોગ્ય કરણીથી પરાઙ્મુખ બનેલા, શિથિલાચારી થઈ ગયેલા, વિવિધ કથા કે છાપાં વાંચવામાં જ સમયનો દુર્વ્યય કરનારા, કેવળ શારીરિક શુશ્રૂષામાં જ લયલીન, આવશ્યક ક્રિયામાં પણ શિથિલ બનનારા, ભવ્ય જીવોને ઉપદેશવા છતાં ય આત્માની સામે દૃષ્ટિપાત નહિ કરનારા અને બીજા અનેક જિજ્ઞાસાથી વિરુદ્ધ આચારને સેવનારા વાસ્તવિક સાધુ તરીકે ગણી શકાતા નથી.

૯૭. સાધુ તરીકે તે જ ગણી શકાય કે યથાશક્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવાનુસારે પાંચે ય આચારપાલનમાં તત્પર, પાંચે ય સમિતિથી સમિત, જેમની ઇંદ્રિયો વિષયજન્ય વિકારથી મુક્ત છે, જેમણે થોડો પણ મનોનિગ્રહ કર્યો છે, જે સ્વાધ્યાયાદિમાં–આત્મચિંતવનમાં તત્પર છે, જે લોકેષણા, લોકહેરી અને લોકસંજ્ઞાથી મુક્ત છે, જે સદ્‌ગુરુની આજ્ઞાને–ભગવાનની આજ્ઞાને આધીન છે અને ઉપર કથિત દોષો જેનામાં નથી તે જ સાધુ તરીકે ગણી શકાય છે.

૯૮. મુનિમાર્ગ મહાકષ્ટકારી છે, વેળુનાં કોળીયા ચાવવા જેવો છે, તલવારની ધાર પર ચાલવા જેવો છે એ શંકા વિનાની વાત છે, પરંતુ એક વખત એ માર્ગની ફરજો માથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધા પછી તેને અનુસારે વર્તન કરવાને આ જીવ પ્રતિજ્ઞાથી બંધાય છે; એટલું જ નહીં પણ તે ધોરણથી જો જરા પણ પાછો પડે તો મહાકર્મબંધ કરે છે.

૯૯. આત્માના આ ભવ ને પરભવના સુખ માટે વેષ અને વર્તનની એકયતા કરવાની ખાસ જરૂર છે.

૧૦૦. જે પુરુષો અનાચારાદિક પોતાના દોષોને આત્મપ્રશંસાદિ સ્વાર્થના રક્ષણ માટે અપલાપ કરનારા પોતાના મનમાં એમ ધારે છે કે–" દંભવડે તેને ઢાંકવાથી મારી ગુણી તરીકે ખ્યાતિ થશે, અને ભક્તજનો પાત્ર આહારાદિકે કરીને મારો સત્કાર કરશે કેમકે લોકો ગુણવાનની પૂજા–સત્કાર કરે છે તેથી મારું પણ લોકોમાં ગૌરવ થશે અથવા મહાપુરુષોની પંક્તિમાં મારી પ્રતિષ્ઠા થશે." આટલા જ લાભથી સંતુષ્ટ થયેલા તે મૂર્ખ-શિરોમણિ દંભવડે જ કદર્થના પામે છે અર્થાત્ પોતાના આત્માને ઊલટી વિડંબના પમાડે છે. ( પૂજ્ય ઉ. મ. )

૧૦૧. જેમ અસતી ( કુલટા ) સ્ત્રીઓનું શીલ અશીલ( દુષ્ટાચાર )ની જ વૃદ્ધિને માટે થાય છે તેમ દાંભિક જનોને અવ્રતની જ વૃદ્ધિને માટે થાય છે. ( પૂ. ઉ. મ. )

૧૦૨. એ જ કારણ માટે જે જે સાધુ મૂલોત્તર ગુણોને ધારણ કરવા સમર્થ ન હોય તેને સતશ્રાવકપણું જ યુક્ત છે, પણ દંભ-વડે જીવવું યુક્ત નથી અર્થાત્ ભ્રષ્ટપણે ચારિત્ર પાળવા કરતાં શ્રાવકધર્મ પાળવો શ્રેષ્ઠ છે. ( પૂ. ઉ. મ. )

૧૦૩. મૂલ અને ઉત્તરગુણ સંબંધી દૂષણો સેવવાની દિન પર દિન વૃદ્ધિ થતાં જો કોઈ પણ પ્રકારની સાધ્યદૃષ્ટિ ન રહે ને તેથી વિરુદ્ધ આચરણ થાય તો સર્વથા મનુષ્યભવ એળે ગુમાવવા કરતાં પૂ. ઉ. મ. ના કથનાનુ-સાર શાસ્ત્રોક્ત પ્રકારે વેષ છોડી દઈ, ઉત્તમ શ્રાવકપણું અંગીકાર કરી લઈ જન્મનું સાફલ્ય કરવું હિતકારી છે.

૧૦૪. શ્રી જિનશાસનને વિષે અત્યંત રાગવાળો મુનિ જો લિંગ(વેષ)નો ત્યાગ ન કરી શકે તો તેણે દંભ રહિત સુસાધુનો સેવક થઇ સંવગ્નિપાક્ષિક થવું યુક્ત છે. ( પૂ. ઉ. મ. )

૧૦૫. વેષ છોડવાથી આત્માનું બગડી જશે તેમ લાગે અગર વેષનો આગ્રહ છૂટે નહિ તો ઉપરોક્ત તે જ મહાત્માએ બતા-વેલા માર્ગને અનુસરી સંવેગપક્ષ ધારણ કરીને પણ આત્મહિતની દૃષ્ટિ ચૂકવી નહિ અને નિઃશુક કે અતિ પ્રમાદી થઈ સાધ્યદૃષ્ટિ રહિતપણે અનંતો સંસાર ઉપાર્જન કરવો નહિ.

૧૦૬. જેઓ પંચ મહાવ્રતોનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસારે અતિચાર રહિત પાલન કરવામાં પોતાના અસમર્થ-પણાને જે કોઈ શઠ પુરુષો પ્રગટપણે જાણતાં છતાં પણ દંભ–માયાનો આશ્રય કરીને પોતાનું મુનિપણું કહે છે એટલે " અમે સાધુઓ જ છીએ " એમ કહે છે તે દંભીઓનું નામ પણ પાપને માટે થાય છે તો પછી તેમને વંદના, સ્તુતિ કે સેવા કરવાથી પાપ થાય તેમાં શું કહેવું ? ( પૂ. ઉ. મ. )

૧૦૭. જેઓ સાધુ વેષધારી દાંભિકો સારી અને પાંચમા આરાને અથવા વયને ઉચિત–યોગ્ય એવી યતનાને–સંયમક્રિયાને એટલે વ્રતના રક્ષણને કરતા નથી તે અહો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટું આશ્ચર્ય છે. આ રાજા વિનાનું રાજ્ય જુઓ કે જેથી તે દાંભિકો માત્ર સાધુના નામે કરીને જ આ જગતની ભવ્ય જીવોની વંચના કરે છે એટલે કે તેઓને છેતરીને અન્ન-વસ્ત્ર-પાત્ર-દ્રવ્યાદિકનું હરણ કરી તેમને લૂંટે છે. ( પૂ૦ ઉ૦ મ૦ )

૧૦૮. ભગવાન તીર્થંકરોએ કોઈ પણ અહિંસાદિક કાર્યની સર્વ પ્રકારે એકાંતપણે "અમુક કાર્ય જ કરવું" એમ અનુજ્ઞા આપી નથી અથવા કાંઈ પણ આધાકર્માદિક કાર્યનો એકાંતપણે નિષેધ પણ કર્યો નથી એટલે "અમુક કાર્ય સર્વથા ન જ કરવું" એમ કહ્યું નથી, પરંતુ કાર્ય પ્રાપ્ત થયે છતે નિષેધ કરેલું અથવા અનુમતિ આપેલું કાર્ય કરતી વખતે દંભ રહિત થવું એ પ્રમાણે ભગવાન જિનેશ્વરની આજ્ઞા-આગમવાણી છે.

૧૦૯. સમકિત, દેશવિરતિ કે સર્વ-વિરતિના ગુણો પોતાને દિન પર દિન વિશેષ લાવવા માટે સર્વ ભવ્ય જીવોએ તે સર્વ ગુણોનો ઉત્સર્ગમાર્ગ જોઈ વિચાર કરવો જોઈએ. ઉત્સર્ગમાર્ગમાં ઘણા ભાગે પોતાના હૃદયની સ્થિતિ કેવી છે એ જ વિચાર હોય છે અને બીજા જીવો સમકિત, દેશવિરતિ કે સર્વવિરતિવંત કે ચારિત્રવંત છે કે નહિ તેની પરીક્ષા તેના બાહ્ય આચરણ ઉપરથી કરવાની હોય છે.

૧૧૦. જો એમ ન થાય તો અલ્પ જ્ઞાન-દશાને લીધે પોતાના માટે અપવાદ માર્ગે વિચાર કરતા સર્વ પોતાના આત્માને ગુણ-નિષ્પન્ન માની લે, અને બીજાને માટે ઉત્સર્ગ માર્ગે પરીક્ષા કરવા જતાં બીજાઓનું હૃદય વિશિષ્ટ જ્ઞાન સિવાય છદ્મસ્થોને ગમ્ય ન હોવાને લીધે કોઈ પણ બીજો ગુણી માલૂમ પડે નહિ.

( ચાલુ )

# વીરપ્રભુની સ્તુતિ

( રાગ-મીઠા લાગ્યા છે મને આજના ઊજાગરા. )

દીઠા **મહાવીર**ને આનંદ ઊજાગરા, વીર પ્રભુ જયકારી રે, કેવળજ્ઞાને વરીયા. ટેક
ઘાતીકર્મનો નાશ કરીને, પામ્યા પ્રભુ કેવળજ્ઞાન રે, કેવળજ્ઞાને વરીયા. ૧
ત્રણ રત્નોની જતના કરીને, કરતા મંગળમાળ રે, કેવળજ્ઞાને વરીયા. ૨
જૈન શાસનનો ડંકો બજાવીયો, **અહિંસા** પરમોધર્મ સ્થાપીયો, કેવળજ્ઞાને વરીયા. ૩
આતમ તે પરમાતમ સાચો, નિર્મલ સિધ્ધ સમાન રે, કેવળજ્ઞાને વરીયા. ૪
સંપ્રતિ શાસન મહાવીરે જગાડીયું, શાસનનો જયકાર રે, કેવળજ્ઞાને વરીયા. ૫
જન્મમરણના ફેરા ટળીયા, પામ્યા મુક્તિ મોઝાર રે, કેવળજ્ઞાને વરીયા. ૬
**લક્ષ્મીસાગર** કહે **અજિતવીર** સાચા, મુક્તિ વિના સૌ કાચા રે,
કેવળજ્ઞાને વરીયા. ૭

**—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક : મોહનલાલ દીપચંદ ચોકસી

# પેલો દિગંબર સાધુ!

(ગતાંક પૃષ્ઠ ૨૩૮થી શરૂ.)

'વાતને વા લઈ જાય છે' એ ઉક્તિ મહંત અને રાજવીની મુલાકાત સંબંધમાં તો સાચી પડી. દેવી શું બોલશે ? અને પરિણામ કેવું આવશે ?' એ પ્રશ્નોએ સારા ય નગરનું વાતાવરણ સંક્ષુબ્ધ બનાવી મૂક્યું. જાતજાતના તર્ક-વિતર્ક શરૂ થયાં. કલ્પનાસૃષ્ટિમાં સર્જાયેલા વિવિધ રંગી મણકા પ્રજાના મનોપ્રદેશમાં શીઘ્ર ગતિએ ફરવા માંડ્યા.

પણ જેના શિરે રાજ્યનો ભાર છે અને જેની પ્રાર્થનાથી દેવી સંદેશ આપવાની છે એ પદ્મનાભ રાજવીની નિદ્રા જ ઊડી ગઇ. સારી યે રાત વિચારવમળમાં પસાર થઇ એમ કહેવામાં અતિશયોક્તિ નહીં કહેવાય. સૌ પ્રથમ તો વિચારો જ એ આવ્યા કે પોતાનાથી દેવીની પૂજા-ભક્તિમાં કંઇ સ્ખલના તો નથી થઇને ! કોઇ જાણતા–અજાણતા અપરાધ તો નથી બન્યોને ! અને શંકાના નિરાસન અર્થે તો એણે છેલ્લા પંદર વર્ષનો ગત ભૂતકાળનો ચોપડો ઉકેલી વાંચ્યો અર્થાત્ ગયા પંદર વર્ષમાં દેવી કુપિત ન થાય અને એની કૃપાદૃષ્ટિ બની રહે એ સારુ પોતે શું શું કર્યું હતું એનો ક્રમશઃ વિચાર કરી લીધો. સ્મૃતિરૂપી એ અરીસામાં અવલોકતાં એણે જણાવ્યું કે–કાળી માતાની ભક્તિ અર્થે–પ્રીતિ સંપાદન કરવા માટે પોતાની કુળમર્યાદા છોડી પશુબલિ દેવાનો રિવાજ પોતે શરૂ કર્યો હતો. શ્રી મલ્લિનાથ પ્રભુના દર્શને જવાનો તેમ જ પૂજન કરવાનો રવૈયો સદંતર બંધ કરી દીધો હતો. અરે ! છેલ્લા પંદર વર્ષમાં મંદાર ટેકરીના એ પવિત્ર દેવાલયવાળા ભાગ પર પગ સરખો પણ મૂક્યો નહોતો ! અને જે આવકના સાધનો શ્રી મલ્લિનાથ દેવાલયના નિભાવ અર્થે યોજ્યા હતા એમાંનાં કેટલાક બંધ કરી દઇ સીધા દેવીમંદિરના ખર્ચ માટે વાળી દીધા હતા ! પુરોહિત માણેકદેવને તો રાજગુરુ બનાવી દઇ, જનતામાં એની મહત્તા અતિશય વધારી દીધી હતી ! આટઆટલા શુભ કામો કરવા છતાં એવું તે કયું કારણ બન્યું કે એકાએક દેવી સંદેશ દેવા આતુર બની ! પ્રસન્નતા દાખવવાને બદલે સંદેશ આપવો એ મનને પ્રફુલ્લિત કરવા કરતાં ભયજનક વધુ કરે છે એ વાત કોણ નથી જાણતું ?

કુદરતના ચક્રો અસ્ખલિત ગતિએ વહ્યા જાય છે. એના કાર્યમાં અવરોધ કે અડચણ ઊભા થતાં જ નથી ! રાજવીને ઊંઘ આવે કિંવા ન આવે, તેથી નિશા થોડી જ લંબાવવાની હતી ! યોગ્ય ઘટિકા પસાર થતાં જ અંધારપટમાં અંશુમાલિનીના કિરણોએ ગાબડું પાડ્યું. જોતજોતામાં એ વધવા લાગ્યું અને આખરે એકહથ્થુ સામ્રાજ્ય સ્થાપી દીધું. અંધકાર કયા ખૂણામાં ઉલેચાયો એ જાણી પણ ન શકાયું. પ્રાતઃકાળનો સ્ફુર્તિદાયી વાયુ વાતાં જ જનસમૂહ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની શિથિલતા દૂર થવા માંડી. રાજા પદ્મનાભે શય્યાનો ત્યાગ કરી સત્વર દંતધાવન આદિ કાર્યો પતાવી લીધા અને આડંબરપૂર્વક દેવીમંદિરે જવાની તૈયારી કરી. દિવસ આખો યે પૂજામાં વિતાવવાનો હતો. એ વિધિનો અંત સંધ્યાકાળે આરતી કર્યા બાદબલિ ચઢાવ્યા પછી જ આવવાનો હતો; એટલે બીજી જરૂરી ખાદ્યસામગ્રી પણ નોકરો મારફત મંદિરમાં પહોંચતી કરવામાં આવી. નૃપની સ્વારી પણ સમયસર ત્યાં આવી પહોંચી.

ઝાલર અને ઘંટાનાદના ગગનભેદી નાદોથી મંદિરનું વાતાવરણ ગંભીર બન્યું. આરતી પૂરી થઈ અને પ્રસાદ વહેંચાયો. પુરોહિત માણિકદેવની આજ્ઞા અનુસાર એકત્ર થયેલા સર્વ મનુષ્યો મંદિરની બહાર નીકળી ગયા. ઘડીપૂર્વે ગાજી રહેલ રંગમંડપ એકાએક શાંત બની ગયો. મઠમાં વસનાર થોડાક શિષ્યો અને સેવિકા ઉપરાંત પૌરજનમાંથી ત્યાં કોઈ રહ્યું નહોતું. પુરોહિતે હાક મારી—નરસિંહ. નરસિંહ નામા એક યુવાને કર જોડી ગુરુદેવ સમક્ષ આવી કહ્યું :

'સેવકને શી આજ્ઞા છે ?'

'જા, મંદિરના દરવાજા ચોક્કસ કરી બંધ કર. મઠમાં કશી પણ ગરબડ ન થાય તેવો બંદોબસ્ત કર, કેમકે આજે મહારાજા દેવીને પ્રશ્ન પૂછી ખુલાસો કરવા સારુ તૈયાર છે.' માણિકદેવે નરસિંહને ઉપર મુજબ આજ્ઞા સંભળાવી, નેત્રસંકેત કરી વિદાય કર્યો.

નરસિંહના કમાડ બંધ કરી વિદાય થયા પછી માણિકદેવ રાજા પદ્મનાભને લઈ ગર્ભગૃહમાં દાખલ થયો. રાજાએ પગ મૂકતાં જ દેવીની જે મુદ્રા જોઈ એવી પૂર્વે કોઇ વાર જોવામાં આવી નહોતી. મહાકાળીની વિકાળ મૂર્તિ, પોતાના આઠ હાથમાં નિરાળા શસ્ત્રો ધારણ કરી ગળામાં નરમુંડોની રક્ત નિતરતી માળા પહેરી જાણે સાક્ષાત્ રણચંડીનો અવતાર ધરી સામે ખડી છે. આ ભયંકર મહામાયાના સ્વરૂપને જોતાં જ રાજવીના ગાત્ર ગળવા માંડ્યા, નસો ઢીલી પડી, છાતી બેસી ગઇ. માતાની સમક્ષ ધરાવેલ પશુબલિના લોહીમાંસથી બદબો ફેલાઈ રહી હતી અને વાતાવરણમાં નિર્દયતા અને ભીષણતા નાચી રહી હતી. એમાં ધૂપની વાસ તો કયાંય ડૂબી જતી. ભયંકરતા ને ભયાનકતાનું એકધારું સામ્રાજ્ય વ્યાપ્યું હતું. રાજવી એકાદા પુતળા માફક જ્યાં પુરોહિતની દોરવણી પ્રમાણે પ્રણામ કરતો ઊભો રહ્યો ત્યાં તો માણિકદેવે લોહીમાં આંગળી બોળી એ વડે તેના કપાળે તિલક કર્યું અને રાજવી તરફથી નિમ્ન પ્રશ્ન કર્યો : 'મહાદેવી, આ રાજ્ય પર જલ્દીથી સંકટ આવનાર છે એવા ગેબી અવાજમાં શું રહસ્ય સમાયેલું છે એનો ખુલાસો મેળવવા નગરપતિ પોતે અહીં હાજર થયેલ છે. એવી તે કઈ કસુર થઇ છે કે આપ કોપાયમાન થયા છો તે કહેવા આપના એ સેવક પર કૃપા કરશો.'

થોડી ક્ષણમાં જ દેવીના મુખમાંથી અવાજ નિકળી રહ્યો હોય એવો ભાસ થયો. જો કે દીવીઓમાં તેલના ઝાંખા દીપકો બળતા હતા છતાં ગભારામાં જે અંધકારની કાલિમા અને ભીષણતા છવાઈ હતી એમાં પેલા દીવડાના તેજની કંઈ જ અસર નહોતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"રાજા, તારી મારા પ્રત્યેની ભક્તિમાં કંઈ અંતર પડયું નથી, પરંતુ તારા નગરમાં એક નિર્ગ્રંથ આવીને અહિંસાનો ઉપદેશ આપી રહ્યો છે અને એ દ્વારા સંખ્યાબંધ લોકોના હૃદયમાં જે નવી દિશા પ્રતિનું આકર્ષણ વધારી રહ્યો છે એ ઠીક નથી થતું. જનતાની ભાવના બદલાવા માંડી છે. એ જ કારણથી રાજ્ય પર મોટું સંકટ આવનાર છે. જો અત્યારથી જ એનો પ્રતિકાર કરવામાં આવે અને નિવારણના ઉપાય હાથ ધરવામાં આવે તો પરિસ્થિતિમાં જરૂર સુધારો થાય."

અવાજ તો બંધ થયો. મહારાજને પણ એનો અક્ષરે અક્ષર ખરો લાગ્યો. અંધશ્રદ્ધા બૂરી ચીજ છે. આટલું જાણે અધૂરું હોય તેમ માણિકદેવે એમાં મરચું-મીઠું ઉમેર્યું. મંદિરથી નીકળી જ્યારે રાજવીએ નગરનો માર્ગ લીધો ત્યારે તેના મુખમાંથી એક જ પ્રઘોષ પ્રગટ્યો. "સર્વ સંકટનું મૂળ પેલો દિગંબર સાધુ !" પુરોહિતના હર્ષનો તો પાર નહોતો. રાજાના સીધાવી ગયા પછી હસતો હસતો તે મઠમાં પાછો ફર્યો અને સહસા બોલી ઊઠ્યો. "જરૂર બેડો પાર થવાનો. એ દિગંબર સાધુનું આવી બન્યું. દેવીભક્તના પરચા સામે કોણ ટકી શકવાનું ? પેલો સાધુ ભાગી ગયો તે ભાગી ગયો ! પુનઃ એના દર્શન આ ધરતી પર થયાં જ નથી. ચૌદ વર્ષે આ કોઇ નવો ફૂટી નિકળ્યો ? રોગ અને શત્રુને ઊગતા ચાંપી દેવા સારાં. વધે તો ભારી પડે ને ? એ બચ્ચાજીની અહિંસા હવામાં ઊડવાની ! કયાં તો ભાગવું પડશે અને નહિતર ભસ્મીભૂત થવું પડશે ! નાગાબાવા એ જ દાવના ! આ માણિકદેવને છંછેડવો સારો નથી ! ગુરુદેવ, શું અગાઉ પણ કોઇ સાધુએ માતાજીની સામે ચેડા કહાડ્યા હતા કે ?"

"અરે ! સાધુડામાં તે આવી હિંમત કયાંથી હોય ? આ તો મહારાજ પદ્મનાભે દેવળ બંધાવવું શરૂ કર્યું ત્યારે એક શ્રમણ અહીં હતો. એણે અહિંસાનો ઉપદેશ આપવો શરૂ રાખેલો, એટલે પ્રજાજનમાં જેઓ અહિંસાધર્મી હતા તેઓ રાજાના કાર્ય પ્રત્યે ઊકળી ઊઠ્યા, પણ માતાજીએ રાજાને પુત્રીના જન્મરૂપે પરચો બતાવેલો એટલે એ પેલા પામરોની પરવા કરે ખરો ? એણે તો અડગપણે કામ ચાલુ રાખ્યું. પૂર્વજોની સ્મૃતિ કે નગ્ન સાધુનો દયા સંબંધી ઉપદેશ એને પોતાના નિશ્ચયમાંથી ફેરવી શકયા નહીં. દલીલબાજી નિરર્થક નિવડી. રાજાએ બલિવિધાનમાં વધારો કર્યો. એ સામે જે એક જણે વિરોધ ઉઠાવ્યો એનું ઘર બળી ગયું અને જે કંઇ વસ્તુ જણસ હતી તે લૂંટાઇ ગઇ ! આથી પ્રજામાં માતાજીની સચોટ છાપ બેઠી. ભીતિ તો એટલી વધી ગઇ કે કોઈ રડ્યાખડ્યા સિવાયનો મોટો ભાગ કાળીદેવીનો ભક્ત બન્યો. પેલો સાધુ તો પોબારા ગણી ગયો તે પુનઃ દેખાયો જ નહીં !"

એ વાતને વર્ષોનાં વહાણાં વાયાં. સાચી વાત તો એ હતી કે પુરોહિત જે મુનિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગી ગયા જણાવતા હતા તે મુનિને પોતાની ચક્ષુ સમિપ હિંસાને જોરથી પ્રવર્ત્તતી જોઈ સખત આઘાત લાગ્યો હતો. આ રીતે અહિંસાના અણમૂલા તત્ત્વનું ખૂન એમનાથી જોયું જતું નહોતું પણ લાચારી એ હતી કે પોતે વૃદ્ધાવસ્થામાં પાંગરી ચૂકયા હતા. ઉપાસકવર્ગમાં ચેતના પ્રસરાવે તેવી શક્તિ ફેરવી શકે તેમ હતું નહીં એટલેજ તેઓ ત્યાંથી વિહાર કરી ગયા. આ સ્થાન તેમની ચક્ષુ સમિપ સદૈવ રમતું હતું. એ વેળા અમરકીર્તિ મુનિનો પ્રભાવ સવિશેષ ગણાતો હતો. તે પ્રભાવિક સૂરિ સહ પ્રથમ મેળાપ થતાં જ પેલા ઘરડા સાધુને મલ્લિપુરના પ્રસંગને માટે એ યોગ્ય જણાયા. તેમની સમક્ષ સારી ય પરિસ્થિતિ વર્ણવી બતાવવામાં આવી. સાથોસાથ ત્યાંની પલટાયેલી રાજવીની મનોદશા અને ભયત્રાસ્ત પ્રજાની કિંકર્ત્તવ્યમૂઢ દશા પણ જણાવવામાં આવી. ઉદ્ધાર કરવા લાયક ક્ષેત્ર છે એ જેમ સાચું છે તેમ જ માણિકદેવ જેવા હિંસાના હિમાયતીનો ઉઘાડે છોગે સામનો કરી જનતાના માનસને અહિંસાના માર્ગે વાળવામાં ઓછું જોખમ નથી રહેલું એ વાત પણ એટલી જ સાચી છે. નૃપ પોતે અંધશ્રદ્ધામાં લીન હોવાથી ન્યાય-અન્યાય તોલનાર કોઈ છે જ નહિં! એથી જ જે વ્યક્તિએ કેડ કસવા હિંમત કરી તેનું ઘર બાળી દેવામાં આવ્યું અને ઘરવખરી લૂંટી લેવાઈ. ખાનગી રીતે ગોઠવેલ આ પ્રપંચને માતાના પરચા તરીકે પ્રસિદ્ધિ અપાઈ!! વૃદ્ધ શ્રમણના મુખે મલ્લિપુરની વર્તમાન સ્થિતિ શ્રવણ કર્યા પછી આચાર્ય અમરકીર્તિ ધૈર્ય ધારણ કરી જે વચનો બોલ્યા એ તે કાળે જેટલા સાચા હતા એટલા આજે પણ છે અને હરકોઈ મુનિને હૃદયાંકિત કરવા જેવા છે. 'અહિંસાનો સંદેશ જગતના જીવોને પહોંચાડવામાં જોખમ તો રહેલું જ છે, કેમકે જનતાનો મોટો ભાગ અજ્ઞાન વ્યાધિથી પિડાય છે. સ્વાર્થી ગુરુઓ તરફથી એને અનેક વાર હિંસા અને મારફાડમાં જ સ્વમાન ને સત્ત્વ સમાયેલા છે એવા વચનોનું પાન કરાવવામાં આવ્યું હોય છે, પણ સમતારસનું પાન કરનારને રાગદ્વેષનું ઉન્મૂલન કરી કેવળ સમભાવ ધારનાર શ્રમણને શ્રી મહાવીરદેવનો પયગામ વિશ્વ સન્મુખ ધરવામાં ભીતિ કેવી? જોખમના વિચાર શા? 'સવિ જીવ કરું શાસનરસી' એ દયાનું કથન પ્રભુનું ખરૂં જો સાચે જ અંતરમાં ઊતર્યું હોય તો. 'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ' નો જ નિર્ધાર હોય.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મુનિસુંદરસૂરિ.

લેખકઃ મોહનલાલ દલીચંદ દેશાઈ
B. A. LL. B. Advocate.

( ગતાંક પૃષ્ઠ ૨૬૬ થી શરૂ. )

૧. ચતુર્વિંશતિ શ્રીજિનાશીર્વાદરૂપ–' जयश्रियं ज्ञानतपस्क्रियायुधैः થી શરૂ થતું ૨૭ શ્લોકનું, ૨ શત્રુંજયમંડન શ્રીઆદિનાથસ્તવરૂપ जयश्रिय प्राप्य कुकर्म्मविद्विषां થી શરૂ થતું ૨૭ શ્લોકનું, ૩ ગિરિનારમૌલિમંડન શ્રીનેમિનાથસ્તવનરૂપ जयश्रियं विश्वजितं स्मरद्विषं થી આરંભાતું ૩૩ શ્લોકનું, [ આ બીજું ને ત્રીજું સ્તવન [1]સં. ૧૪૭૬ વર્ષે સં. દેવરાજ સં. હેમરાજ સં. ઘડસિંહના સુવર્ણના કલશ અને છત્રચામરાદિથી શોભિત ત્રણ પ્રૌઢ જિનાલયાદિ સામગ્રીથી સમુપેત સંઘનો સાથ હતો ત્યારે રચ્યું છે—संवत् १४७६ वर्षे, एतत् स्तवनद्वयमपि, सं. देवराज सं. हेमराज. सं. घडसिंह संघस्य सौवर्णकलशच्छत्रचामराधुपशोभित–प्रौढश्रीजिनालयत्रयादिसामग्रीसमुपेतस्य सार्थेन कृतं तैर्देवान् वन्दमानैरेव–એમ કર્ત્તાએ ત્રીજા સ્તવનના અંતે જણાવ્યું છે ], ૪ સોપારક (સોપારા) તીર્થનાથ શ્રીઋષભદેવસ્તવરૂપ जयश्रीसङ्गिनः पृथ्व्यां ના આરંભવાળું ૨૫ શ્લોકનું, ૫ વૃદ્ધનગર (વડનગર) અલંકાર શ્રી ઋષભદેવનું जयश्रियाऽऽढ्यो भरताधिनेता ની આદિવાળું ૨૭ શ્લોકનું, ૬ અર્બુદગિરિ ( આબૂ ) શ્રીઋષભનું श्रयःश्रेणिनिदानं થી શરૂ થતું ૨૫ શ્લોકનું, ૭ જીરાપલ્લી (જીરાવાલા) શ્રીપાર્શ્વનું जयश्रियं सर्वरिपून् जिगीषतां ના આરંભવાળું ૩૩ શ્લોકનું, ૮ સ્તમ્ભનકાવતંસ ( થાંભણા યા ખંભાતના ) શ્રીપાર્શ્વનું जय श्रीस्तंभनाधीश થી શરૂ થતું ૨૫ શ્લોકનું, ૯ સિદ્ધપુરના શ્રીરાજવિહારમંડન શ્રી વર્ધમાનનું जयश्रीमन्दिरे सिद्धपुरे ની શરૂઆતવાળું ૨૪ શ્લોકનું, ૧૦ ઇલદુર્ગ ( ઇડર )ના અલંકાર શ્રીઋષભદેવનું जय श्रीमन् नाभिप्रभव ! થી શરૂ થતું ૨૫ શ્લોકનું, ૧૧ તારણદુર્ગ (તારંગા)ના અલંકાર શ્રીઅજિતસ્વામીનું जयश्रीगर्भगे मातुर् થી શરૂ થતું ૨૫ શ્લોકનું, ૧૨ નાગહ્રદ ( નાગદા )ભૂષણ શ્રીપાર્શ્વનું जय श्रीमन् नागहृदपुर થી શરૂ થતું ૨૪ શ્લોકનું, ૧૩ ફલવર્દ્ધિ ( ફલોધી )–મંડન શ્રી પાર્શ્વનાથનું जयश्रीः संश्रयेद् यस्य થી આરંભાતું ૨૩ શ્લોકનું, ૧૪ શ્રીમહાવીરનું મંગલ શબ્દાર્થ–અષ્ટ-

---

૧. અગાઉ જણાવ્યું છે કે સોમસુંદરસૂરિએ મુનિસુંદરને સૂરિપદ વડનગરમાં આ ત્રણ ભાઇઓ પૈકી દેવરાજે ભાઇઓની સંમતિથી કરેલ ઉત્સવપૂર્વક આપ્યું. પછી દેવરાજે સંઘપતિ થઇને મુનિસુંદરસૂરિ સાથે શત્રુંજય અને ગિરિનારની યાત્રા કરી. ધર્મસાગર આ સૂરિપદનું વર્ષ સં. ૧૪૭૮ આપે છે, જ્યારે આ યાત્રાનું વર્ષ સં. ૧૪૭૬ નું કર્ત્તા આપે છે તો તે બન્ને વર્ષ પૈકી કર્ત્તાએ આપેલ સં. ૧૪૭૬ નું વર્ષ વધારે સાચું ગણવું ઘટે. એ વાતને સં. ૧૪૭૮ ના પોષ શુદિ પાંચમના મેવાડ રાણા મોકલદેવના સમયના ઉપર આપેલ લેખમાં ગણાવેલા સૂરિઓમાં પહેલો નંબર મુનિસુંદરસૂરિને અપાયો છે તેથી ટેકો મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીમાં મંગલાર્થે ભણવા યોગ્ય जयश्रीः विलासालयं सर्वदेवा થી શરૂ થતું ૨૪ શ્લોકનું, ૧૫ શ્રી વર્ધમાનનું કેવલાક્ષરપદરૂપ जयश्रियं यः सकलान्तरारि થી શરૂ થતું ૨૯ શ્લોકનું, ૧૬ શ્રીવર્ધમાનનું जयश्री निलय यस्य ના આરંભવાળું ૨૫ શ્લોકનું, ૧૭ જિનપતિનું મહાર્થ ૩૨ શ્લોકનું जयश्रीदायकं ના આરંભનું, ૧૮ ચોવીશ જિનકલ્યાણકનું जयश्रिये शाश्वतशर्महेतवे થી શરૂ થતું ૨૪ શ્લોકનું, ૧૯ સીમંધરસ્વામીનું जयश्रिया मोहरिपोरवाप्त થી આરંભાતું ૨૫ શ્લોકનું, ૨૦ સ્વસાંસારિક દુઃખને પ્રકટ કરી દુઃખ પ્રતિકારની વિજ્ઞપ્તિ કરતું आनन्दं यः परं प्राप થી પ્રારંભ કરેલું ૩૬ શ્લોકનું, ૨૧ શ્રી ગૌતમનું जयश्रियां सेवधिमेधमान ની આદિવાળું ૨૫ શ્લોકનું, ૨૨ પ્રહ્લાદનપુર( પાલણપુર )મંડન પ્રહ્લાદનવિહાર શ્રીપાર્શ્વનું जयश्रिया प्राप्तसुखप्रकर्षा થી શરૂ થતું ૨૬ શ્લોકનું અને ૨૩ દેલઉલા( દેલોલ) વિભૂષણ શ્રી ઋષભદેવનું जयश्रिया द्वैधरिपुत्कराणां થી આરંભાતું ૨૬ શ્લોકનું એમ–इति युगप्रधानावतार–बृहत्तपागच्छाधिराज—श्रीदेवसुन्दरसूरि—श्रीज्ञानसागरसूरि—श्री सोमसुन्दरसूरिशिष्यैः श्रीमुनिसुन्दरसूरिभिर्विरचिते जयश्रङ्के श्रीजिनस्तोत्ररत्नकोशे प्रथमप्रस्तावे એમ દરેક સ્તોત્રને અંતે જણાવી પછી તે સ્તોત્રનું નામ આપી આ પૂર્ણ કરે છે. ग्रंथसंख्या ૧૦૬૩.

આ પરથી સ્પષ્ટ જણાય છે કે શત્રુંજય, ગિરિનાર, સોપારા, વડનગર, આબૂ, જીરાવલા, ખંભાત, સિદ્ધપુર, ઇડર, તારંગા, નાગદા, ફલોધી, પાલણપુર, દેલવાડા–એ કાઠિયાવાડ, ગૂજરાત, મેવાડમારવાડનાં ને ( અપરાન્ત–કોંકણના ) સોપારા તીર્થની યાત્રા આ સ્તોત્રકારે કરી હતી. તેમાંનાં કેટલાંક સ્તોત્રમાં ઐતિહાસિક બીનાઓ પણ મળી આવે છેઃ દા. ત. ૫મા વડનગરના સ્તોત્રમાં કથેલ છે કે ત્યાંના વીરપ્રભુના મંદિરથી પવિત્ર થયેલ સંસદ્‌માં ધ્રુવસેન રાજાએ વીરાત્ ૯૯૩માં કલ્પસૂત્રની પ્રથમ વાચના મહાન્ ઉત્સવપૂર્વક કરી તે વખતે નગરનું નામ આનંદપુર હતું. ૬ ઠ્ઠા આબૂના સ્તોત્રમાં વિમલશાહ અર્બુદનો અધિપતિ હતો અને તેણે અંબિકાદેવીનો વર પ્રાપ્ત કરી ભાવી સંતતિને અવગણી ઋષભવિહાર કરાવ્યો; લલ્લ અને વીજડે તે ચૈત્યનો ઉદ્ધાર કર્યો. ૯મા પરથી સિદ્ધપુરમાં રાજવિહાર ( કે જે સિદ્ધરાજ જયસિંહે બંધાવેલ ) કર્ત્તાના સમયમાં વિદ્યમાન હતો ને તેમાં મહાવીર પ્રભુની ચતૂરૂપ–ચોમુખ મૂર્તિ હતી. ૧૦ મામાંથી જણાય છે કે ઇડરમાં કુમારપાલ ભૂપાલે ઋષભચૈત્ય બંધાવ્યું હતું અને ત્યાંના ગોવિંદ નામના સંઘપતિ( કે જેનો ઉલ્લેખ અગાઉ થઇ ગયો છે )એ ઉક્ત મંદિરનો ઉદ્ધાર કર્યો હતો. ૧૧મામાં કથેલ છે કે ચૌલુક્ય મહીપતિ કુમારપાલનું બંધાવેલું અજિતજિન–મંદિર તારંગા પર્વત પર છે તેમાં હેમચંદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી હતી. મ્લેચ્છોએ તે જિનબિંબ તોડેલ હોવાથી તેનો ઉદ્ધાર નવા બિંબથી ઉક્ત ગોવિંદ સંઘપતિએ કર્યો ને તેની સોમસુંદરપ્રભુએ પ્રતિષ્ઠા કરી.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## પંજાબના વર્તમાન.

આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ નકોદર થઇ શાહકોટના શ્રી સંઘની આગ્રહભરી વિનંતિને સ્વીકારી જેઠ વદિ આઠમે શાહકોટ પધાર્યા. શાહકોટની જૈન અને અજૈન જનતાએ આચાર્યશ્રીજીનું ભાવભીનું સુંદર સ્વાગત કર્યું.

આચાર્યશ્રીજીના સદુપદેશથી શ્રીસંઘે દહેરાસર માટે જમીન ખરીદી લીધી છે અને હાલ કામચલાઉ દહેરાસર લાલા ભગવાનદાસજીના મકાનમાં સ્થાપન કરવાનો નિર્ણય કર્યો છે.

અહીંથી વિહાર કરી **હુરના** થઇ સુલતાનપુર પધાર્યા. અહીં સ્થાનકવાસીઓના જ ઘરો છે. તેમણે આચાર્યશ્રીજીનું સુંદર સ્વાગત કર્યું અને આચાર્યશ્રીજીને ચાર દિવસ રોકી વ્યાખ્યાનાદિનો લાભ લીધો હતો.

આચાર્ય શ્રીમદ્વિજયવિદ્યાસૂરિજી મહારાજ તથા મુનિશ્રી વિચારવિજયજી મહારાજ જાલંધર, હુશીયારપુર ( પોતાની જન્મભૂમિ ) આદિને લાભ આપી પાછા અહીં આચાર્યદેવની સેવામાં ઉપસ્થિત થયા.

આચાર્યશ્રીજી આદિ સુલતાનપુરથી વિહાર કરી ડક્કરવાડા થઈ જેઠ સુદિ અગીયારસે પટ્ટીનગરમાં સમારોહથી પ્રવેશ કર્યો. પ્રવેશમહોત્સવમાં જૈના–અજૈનો અને નગરના અગ્રગણ્ય મ્યુનિસિપાલિટીના પ્રમુખ મીયાં હમીદઅલ્લા અને સેક્રેટરી બાબુ હંસરાજજી આદિ હતા. સામૈયું નગરમાં ફરી મંડપમાં ઉતરતાં હર્ષનાદથી વધાવી લીધા હતા.

સ્વાગતગીતો થયાં બાદ બાબુ મૂલખરાજજીએ અભિનંદન પત્ર વાંચી સંભળાવ્યું અને આચાર્યશ્રીજીના કરકમળોમાં અર્પણ કર્યું. આચાર્યશ્રીજીએ આત્મતત્ત્વ વિષય મનનીય પ્રાથમિક વ્યાખ્યાન આપી માંગલિક સંભળાવ્યું. અગીયાર વાગે સભા વિસર્જન થઈ. દેહરાસરે શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી–ગુરુદેવ ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર ( આત્મારામ )જી મહારાજને વંદન કરી શ્રી આત્માનંદ જૈન ભવન ઉપાશ્રયે પધાર્યા. સત્તર વર્ષ પછી આચાર્યશ્રીજી પધારતા હોવાથી અને ૪૦ વર્ષે ચોમાસું થતું હોવાથી આખાય નગરમાં ખૂબ ઉત્સાહ ફેલાઇ રહ્યો હતો.

આચાર્યશ્રીજીની સેવામાં આચાર્ય શ્રીમદ્વિજયવિદ્યાસૂરિજી મહારાજ, પંન્યાસ સમુદ્રવિજયજી, મુનિરાજ શ્રીવિચારવિજયજી, શિવવિજયજી, વિશુદ્ધવિજયજી, વીરવિજયજી, વચનવિજયજી છે. પત્રવ્યવહાર કરનારે

ઠેઃ નવાબજાર–શ્રી આત્માનંદ જૈન ભવન

**મુ. પટ્ટી–( પંજાબ )** આ સરનામે કરવો.

---

## આ સભાનો ૪૬ મો વાર્ષિક મહોત્સવ.

આ વરસે બે જેઠ માસ હોવાથી, તેમજ સં. ૧૯૫૨ ની સાલમાં પ્રથમ જેઠ શુદિ ૭ ના રોજ મધ્યરાત્રિના પ્રાતઃસ્મરણીય ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ થયેલ હોવાથી તેમજ તે જ સાલના [ સં. ૧૯૫૨ ] બીજા જેઠ માસમાં આ સભાનું સ્થાપન થયેલ હોવાથી બીજા જેઠ શુદિ ૭ રવિવારના રોજ આ સભાનો ૪૬ મો વાર્ષિક મહોત્સવ હોવાથી તે દિવસે સવારના નવ વાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવામાં આવી હતી. હાલમાં ચાલતા અસાધારણ મોંઘવારીના કારણે અત્રેના ના. દરબારશ્રી તરફથી જમણવાર બંધ કરવાનો ધારો થયેલ હોવાથી વોરા હઠીસંગભાઈ ઝવેરચંદ તરફથી કરવામાં આવતું સ્વામીવાત્સલ્ય આ વખતે બંધ રાખવામાં આવ્યું હતું.

---

## વિહાર

પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયલલિતસૂરિજી મહારાજ આદિ અમદાવાદથી વિહાર કરી વલાદ, પેથાપુર થઇ માણસા પધાર્યા. અહીંના સંઘે ચોમાસા માટે વિનંતિ કરી, જેનો સ્વીકાર કર્યો. ત્યાંથી વિહાર કરી ઇટાદરે આવ્યા. ઇટાદરા આ. શ્રી કુસુમસૂરિજી મહારાજની જન્મભૂમિ છે. અહીં ઉપાશ્રય ન હોવાથી તે માટે ફંડ થયું. અહીંથી વિહાર કરી બોરૂ પધાર્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**૧. ચા-ઘર:**–સાત સુંદર નવલિકાનો સંગ્રહ. ધૂમકેતુ વિગેરે જાણીતા નવલકથાના લેખકોએ સરલ ભાષામાં લખેલી આ બુક ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય તરફથી તરુણ ગ્રંથમાળાના છઠ્ઠા પુસ્તક તરીકે પ્રગટ થયેલ છે. કિંમત એક રૂપિયો. મળવાનું સ્થાન અમદાવાદ, ગાંધી રોડ, પ્રકાશકને ત્યાંથી.

**૨. નવાં વિવેચનો**–લેખક: નવલરામ જ. ત્રિવેદી એમ. એ. વિવેચન ગ્રંથો ઘણા થોડા જોવામાં આવે છે ત્યારે આ વિવેચન ગ્રંથ વાંચતાં સાહિત્યની દૃષ્ટિએ પ્રકાશન યોગ્ય લાગે છે. લેખક વિદ્વાને આ ગ્રંથમાં આપેલ પંદર જુદા જુદા વિવેચનો ખાસ વાંચવા જેવાં છે. આવા ગ્રંથોમાંથી વાંચકોને ઘણું જાણવાનું મળે છે. વિવેચનો ગમે તે માણસ લખી શકતો નથી, તુલનાત્મક દૃષ્ટિવાળો વિદ્વાન લેખક જ તેને ન્યાય આપી શકે છે.

**૩. આનંદરાત્રિ અને બીજી વાતો**—લેખક–ધૂમકેતુ. જાણીતા નવલકથાના વિદ્વાન લેખકની આ લઘુ પુસ્તિકામાં ત્રણ વાર્તાઓનો સંગ્રહ છે. ત્રણે કથાઓ સુંદર અને સરલ છે. ભાઇ ધૂમકેતુની સાહિત્યવાટિકા (નવલકથાઓ) અત્યાર સુધીમાં જેટલી પ્રગટ થઇ છે તે સર્વ વિદ્વત્તાપૂર્ણ અને રસિક છે. નવલકથાના લેખક તરીકે ધૂમકેતુભાઇ પ્રથમ પંક્તિએ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ ત્રણે ગ્રંથોના પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના માલેક ભાઇ શંભુલાલ છે. પ્રકાશક તરફથી પ્રકટ થતાં પ્રકાશનો સુંદર, વાંચવા જેવા અને દરેક લાઇબ્રેરી માટે સંગ્રહ કરવા લાયક કહી શકાય. આવી સખત મોંઘવારીના વખતમાં સારા સારા ગ્રંથો પ્રકટ કરવા તે એક સાહસ કહી શકાય જેથી જરૂર ઉત્તેજનને પાત્ર છે. મળવાનું સ્થળ પ્રકાશકને ત્યાં, ગાંધીરોડ–અમદાવાદ.

**૪. જૈન ઝંડા ગાયન સંગ્રહ**–પ્રકાશક: દિગંબર જૈન પુસ્તકાલય, સુરત–શ્રી મૂલચંદ કિસનદાસકા પડીયા. આ લઘુ પુસ્તકમાં જૈન ઝંડાના ચિહ્ન સાથે સમયને અનુસરતાં કેટલાક પદો ધર્મનું સ્વરૂપ બતાવનારા આપવામાં આવેલ છે. કિંમત એક આનો. પ્રકાશકને ત્યાંથી મળશે.

**૫. જીવનભૂમિ:**–ન્યાયવિશારદ મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ. આ ગ્રંથમાં બત્રીશ સંસ્કૃત શ્લોક ગુજરાતી ઇંગ્લીશ અનુવાદ સાથે સુખની પ્રાપ્તિના ઉપાયો બતાવવામાં આવ્યા છે. વિદ્વાન મુનિરાજરચિત આવા સામાજિક લઘુ ગ્રંથો જે જે પ્રગટ થાય છે તે સર્વ મનન કરવા યોગ્ય હોય છે. આ ગ્રંથ લઘુ છતાં ખાસ પઠન–પાઠન કરવા જેવો અને સુખના ઇચ્છકો તે પ્રમાણે વર્તે તો સુખ પ્રાપ્ત કરી શકે છે. કિંમત ભેટ, પ્રચારની દૃષ્ટિએ આવકારદાયક છે. પ્રકાશક:–જૈનપુસ્તકાલય, નવાપરા-જામખંભાળીયા

**૬. વિવેચનની એરણ પર-જૈન ધર્મની દૃષ્ટિએ ગાંધીજીની અહિંસા.** શ્રીયુત ગાંધીજી સાથે ઘણા મહિનાઓ પહેલાં તેમની પ્રરૂપેલી અહિંસા અને વીતરાગ ભગવાને પ્રરૂપેલી જૈન ધર્મની અહિંસા આ બંને વચેનું અસાધારણ અંતર છે. શ્રી ગાંધીજી ઉપર લખેલા પત્રો જેનો ખુલાસો પ્રકાશકના લખવા પ્રમાણે હજુ સુધી મળ્યો નથી છતાં આ લઘુ પુસ્તકમાં તે પત્રો તેમજ સાથે સાથે જૈન ધર્મની અહિંસા વિષે સંક્ષિપ્તમાં જે સમજ આપી છે તે સર્વ વાંચવાથી જૈન ધર્મની અહિંસા શું છે? અને તેની તુલના બીજાથી થઇ શકે તેમ નથી તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાચકને જણાશે. પ્રકાશક-અમૃતલાલ કેશવલાલ શાહ, ઠે૦ લાખુની પોળ, વઢવાણ શહેર. કિંમત અમૂલ્ય.

૭. **ચામુંડરાય**-શ્રી વીર ગ્રંથમાળા પુષ્પ ૧૧ મું (નાટક). લેખક-પ્રકાશક આપા ભાઉ મગદૂમ સાંગલી, મરાઠી ભાષામાં રચેલ આ નાટક છે. તે ભાષાના જાણકારને તે ઉપયોગી છે. કિંમત છ આના.

૮. **જીવવિચાર પ્રકરણ**-(મૂળ, પદ્યમય અનુવાદ તથા ઉપયુક્ત ટિપ્પણ સાથે,) અનુવાદકર્ત્તા મુનિરાજશ્રી **દક્ષવિજયજી મહારાજ**. ધાર્મિક અભ્યાસમાં પ્રકરણોમાં સૌથી પ્રથમ જ્ઞાન શાળાઓમાં અપાય છે તેનું આ બુકમાં સરસ રીતે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. પાંચ ભાગમાં પાંચ દ્વારો ક્રમસર ઘટાવ્યા છે. વિદ્વાન મુનિરાજે શિક્ષણ માટે ઉપયોગી તૈયાર કરેલ છે. પ્રકાશક-શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા-અમદાવાદ, કિંમત બે આના. આ બીજી આવૃત્તિ તેની ઉપયોગિતા જણાવે છે.

૯. **આબૂ ભાગ રજો**.-સંગ્રાહક અને સંપાદક ઇતિહાસપ્રેમી શાંતમૂર્ત્તિ **મુનિરાજશ્રી જયંતવિજયજી મહારાજ**. આબૂ તીર્થના ઇતિહાસના અનેક સાધનો ભેગા કરી અતિ પરિશ્રમવડે આ આબૂના ઇતિહાસનો બીજો ભાગ (એક મહત્વનું અંગ) મુનિરાજશ્રી જયંતવિજયજી મહારાજ જનતા સમક્ષ આ ગ્રંથવડે રજૂ કરે છે. આ ગ્રંથમાં નાની અને મોટી દરેક દર્શનીય વસ્તુઓ, માર્ગો વિગેરેની માહિતી આપનારું આ પુસ્તક ઘણું આવકારદાયક છે; તેમજ યાત્રાળુઓને ઉપયોગી છે. ભારતવર્ષની શિલ્પકળા ઐતિહાસિક શોધખોળના અભ્યાસીઓ માટે પણ ઘણું મહત્વનું અને ઐતિહાસિક સાહિત્ય તરીકે અણમોલું પુસ્તક છે તેમ ઇતિહાસના ઘડતરનું ઉપયોગી સાધન બન્યું છે. આ માટે સંપાદક મહાત્માની જૈન કોમ આભારી છે. કિંમત ત્રણ રૂપીયા. પ્રકાશક શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા, મંત્રી દીપચંદ બાંઠીયા-છોટા સરાફા, ઉજ્જૈન.

૧૦. **શ્રી દ્રવ્યસપ્તતિકા**-(ભાષાંતર સહિતા) મહામહોપાધ્યાય શ્રી લાવણ્યવિજયજીકૃત મૂળ ભાષાંતર સાથે. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી ગ્રંથમાળાના બીજા પુષ્પ તરીકે આ ગ્રંથ પ્રકટ થયો છે. દેવદ્રવ્ય કોને કહેવું ? તેના સાત દ્વારો, તે કેટલાક પ્રકારનું, તેનું રક્ષણ, વૃદ્ધિ કેમ કરવી ? તેના દોષથી કેમ બચવું ? વિગેરે હકીકતો આ ગ્રંથમાં જાણવા જેવી છે. મૂળ, ટીકા જેમ શાસ્ત્રી ટાઈપમાં છે તેમ ભાષાંતર પણ આ પ્રતાકારે ગ્રંથ હોવાથી શાસ્ત્રી ટાઈપમાં આપવામાં આવેલ હોત તો વધારે યોગ્ય લાગત. પ્રકાશક ઉક્ત ગ્રંથમાળા તરફથી મારતર પ્રભુદાસ દીપચંદ બીલીમોરા. ભેટ આપવામાં આવે છે.

૧૧. **અષ્ટક પ્રકરણ**-(અનુવાદ સહિત) શ્રી હરિભદ્રાચાર્યકૃત. સંપાદક-ખુશાલદાસ જગજીવનદાસ ન્યાયતીર્થ. આ ગ્રંથનું મૂળ સાથે ભાષાંતર શ્રી ભીમશી માણેક તરફથી થોડા વર્ષો પહેલાં પ્રકટ થયેલ છે, છતાં વિદ્યાર્થીઓ સરલ રીતે તેનો અભ્યાસ કરે તેવી રીતે આ અનુવાદ થએલ છે.

૧૨. (આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યકૃત) **યોગશાસ્ત્ર** અનુવાદ સહિત-આ ગ્રંથમાં ચાર પ્રકાશોનું ભાષાંતર મૂળ સાથે આપવામાં આવેલ છે. પાછળ અંતર્ગત કથાઓનો ટૂંક સાર, શ્લોકોનો અકારાદિ ક્રમ, વિશિષ્ટ શબ્દોની સૂચિ આપવામાં આવેલ છે. ઉપરનો તથા આ બંને ગ્રંથો શ્રી મહાવીર વિદ્યાલયના અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગ્રંથ પણ મૂળ સહિત અનુવાદ ભીમશી માણેકે થોડા વર્ષ પહેલાં પ્રકટ કરેલ છે છતાં વિદ્યાર્થી સરલ રીતે અભ્યાસ કરી શકે તેવી ઢબથી અનુવાદ કરવામાં આવેલ છે. કિંમત ચાર આના ને આઠ આના પ્રચારદૃષ્ટિએ યોગ્ય છે.

૧૩. **શ્રી ખંભાત શાન્તિનાથ પ્રાચીન તાડપત્રીય જૈન જ્ઞાનભંડારનું સૂચિપત્ર**-તૈયાર કરનાર શ્રી વિજયકુમુદસૂરિજી મહારાજ. પ્રકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકો-મોહનલાલ દીપચંદ ચોકસી તથા બાલાભાઇ લલ્લુભાઈ શાહ, મંત્રીઓ. ખંભાત જેમ પ્રાચીન શહેર છે તેમ તે તીર્થ તરીકે અને જ્ઞાનભંડાર માટે પણ પ્રાચીન જ છે એમ તેનો ઇતિહાસ કહે છે. આ સૂચિપત્રમાં જણાવેલ કેટલીક પ્રતો તો અલભ્ય છે. આ સૂચિપત્રમાં ૧૪૭ તાડપત્રીય, ૫૯ કાગળ ઉપર લખાયેલી પ્રતો, ૨૮ જીર્ણ પ્રતોમાંથી પ્રતો વગેરેનું લીસ્ટ ખપી મનુષ્યોને ઉપયોગી થઈ પડે તે રીતે કરવામાં આવેલ છે. પ્રથમ આ જ્ઞાનભંડારનો ઉદ્ધાર વિદ્વાન આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી તથા તેમના સુપ્રશિષ્ય મુનિરાજશ્રી ચરણવિજયજી મહારાજના વરદ્ હસ્તે થયો હતો, જેથી આ જ્ઞાનભંડાર આયુષ્ય વધવા સાથે આવું સૂચિપત્ર તૈયાર કરનાર પણ મુનિમહારાજશ્રીના હાથે થયેલ હોઇ તેની મહત્ત્વતામાં વધારો થયો છે. જે જે શહેરમાં જ્ઞાનભંડાર હોય ત્યાંના શ્રી સંઘે અનુકરણ કરવા યોગ્ય છે.

**૧૪. હું ને મારી બા.** લેખક સુશીલ. પ્રકાશક-**વિનયચંદ ગુલાબચંદ શાહ** બી. એ. મહોદય ગ્રંથમાળા પુષ્પ ૧ લું. મરાઠી ભાષાના પુસ્તકમાંથી લેખકે ગુજરાતીમાં લખેલ આ પુસ્તક છે. આ પુસ્તક જેમ સહજ, સુલભ અને સ્વાભાવિક ઉપયોગી છે તેમ તેમાં માતૃસ્નેહની ઝાંખી પણ છે. નવલકથા તરીકે પણ તેમાં સુંદર સંકલના છે. પ્રકાશકે પોતાના નિવેદનમાં સરકારની જે ઉપયોગીતા બતાવી છે તે પણ આ પુસ્તકના વાચનથી જાણી શકાય તેવું છે. પ્રકાશક પોતે પણ શિક્ષણ પામેલ હોવાથી તેમણે લખેલું નિવેદન પણ વાંચવા જેવું જણાયું છે. આ ગ્રંથ સર્વેને વાંચવા ભલામણ કરીએ છીએ. ઉક્ત ગ્રંથમાળાના હવે પછીના પુષ્પો આવા સરળ અને બોધદાયક પ્રગટ કરવાની પ્રકાશકને સૂચના કરીએ છીએ. કિંમત બાર આના યોગ્ય છે. મળવાનું સ્થળઃ શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ દાણાપીઠ-ભાવનગર.

**૧૫. ધર્મવીર ઉપાધ્યાયજી શ્રી સોહનવિજયજી મહારાજ**-પ્રયોજક, ફૂલચંદ હરિચંદ દોશી મહુવાકર. પ્રકાશક-મંત્રીઓ, શ્રી આત્માનંદ જૈન સભા મુંબઇ. થોડા વખત પહેલાં હિન્દી ભાષામાં 'આદર્શ ઉપાધ્યાય' એ નામથી ઉપાધ્યાયશ્રી સોહનવિજયજી મહારાજનું જીવનચરિત્ર પ્રકટ થયેલ હતું પણ ગુજરાતી ભાષાના જાણકાર માટે આ અતિ ઉપયોગી અને અદ્દ્ભુત ચરિત્ર પ્રકાશિત થવા જરૂર હતી. ચરિત્રનાયક જેમ ધર્મવીર અને આદર્શ ઉપાધ્યાય હતા તેમ ગુરુભક્ત, ધર્મધુરંધર અને ચારિત્રપીત્ર હતા. તેમના જીવનપ્રસંગો રોમાંચક અને અદ્દ્ભુત છે. ઉપાધ્યાય મહારાજે જૈન ધર્મની ઉન્નતિ અને ગૌરવ માટે અને ધર્મના સિદ્ધાંતોના પ્રચાર માટે શરીરની પણ દરકાર કરી નથી. અહિંસાના પ્રચાર માટે તમને કેવી ધૂન હતી. તેમજ પંજાબ ગુરુકુળ અને જાતિ સંગઠન આ બે કાર્ય હિંમતપૂર્વક કરી બતાવ્યા છે. તેઓની વાણીમાં એટલી મધુરતા, વિદ્વતા અને સુંદરતા હતી કે પંજાબમાં તેના વ્યાખ્યાનમાં હિંદુ-મુસલમાન સર્વ કોઇ તેમના ભક્ત બની જતા હતા. આ ચરિત્રમાંના તેઓશ્રીના જીવનના એક એક પ્રસંગો મનન કરવા જેવાં છે. પ્રકાશક સંસ્થાનો આ પ્રથમ પ્રયત્ન પ્રશંસનીય છે એમ કહેવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ.

[ પુસ્તક ૩૯ મું. ]

[ સં. ૧૯૯૭ ના શ્રાવણથી સં. ૧૯૯૮ ના અશાડ સુધીની ]

## વાર્ષિક વિષયાનુક્રમણિકા.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પ્રભુ સ્તુતિ (શ્લોક) | | ૧ |
| ૨. | નૂતન વર્ષાભિનંદન (કાવ્ય) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨ |
| ૩. | નૂતન વર્ષનું મંગલમય વિધાન | ( સંપાદક મંડળ ) | ૩ |
| ૪. | પર્યુષણ મહાપર્વનો દિવ્ય સંદેશ | ( મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ ) | ૮ A |
| ૫. | પર્વાધિરાજ પર્યુષણ પર્વ (અપદ્યાગદ્ય) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૯, ૨૯ |
| ૬. | વિચારશ્રેણી | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૧ |
| ૭. | પર્યુષણા : આત્મસિદ્ધિનું મહાપર્વ | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા ) | ૧૩, ૩૪, ૬૩ |
| ૮. | પ્રેમથી મુક્તિ | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૫, ૭૨ |
| ૯. | ઉપદેશક પુષ્પો | ( સં. પંન્યાસ શ્રી સમુદ્રવિજયજી મહારાજ ) | ૧૭, ૩૧, ૬૦, ૮૬ ૧૧૬, ૧૩૫, ૧૫૪ |
| ૧૦. | શ્રી મુનિસુંદરસૂરિ | ( મોહનલાલ દ. દેશાઇ, બી. એ. એલએલ. બી. એડવોકેટ ) | ૨૦, ૩૭, ૬૯, ૧૪૪, ૧૬૨, ૧૮૮, ૨૧૩, ૨૬૫, ૨૮૭ |
| ૧૧. | ચોવીશ તીર્થંકરનું સ્તવન | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૨ |
| ૧૨. | વર્તમાન સમાચાર ( પંજાબ સમાચાર વિ. ) | | ૨૪, ૪૮, ૭૪, ૯૭, ૧૨૩, ૧૪૬, ૧૬૯, ૧૯૬, ૨૧૭, ૨૪૩, ૨૬૭, ૨૮૯ |
| ૧૩. | સ્વીકાર-સમાલોચના | | ૨૫, ૫૧, ૭૬, ૯૯, ૧૪૮, ૧૭૨, ૧૯૫, ૨૫૦ |
| ૧૪. | 'શ્રી આત્માનંદ પ્રકાશ' માટેના આશીર્વાદો | ( જુદા જુદા મુનિમહારાજાઓ ) | ૨૬ |
| ૧૫. | અભિનંદન (કાવ્ય) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૬ |
| ૧૬. | મયૂરાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૭ |
| ૧૭. | ક્ષમાપના પદ | ( રાયચંદ મૂળજી પારેખ ) | ૩૫ |
| ૧૮. | શ્રી મૃગાપુત્ર ચરિત્ર | ( મુનિશ્રી પુણ્યવિજય : સંવિગ્નપાક્ષિક ) | ૪૦, ૬૧, ૧૧૧ |
| ૧૯. | પદવીપ્રદાન સમારંભ | | ૪૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૨૦. | સાગરાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૫૩ |
| ૨૧. | દીપોત્સવી સ્તવન | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૫૫ |
| ૨૨. | દિવાલીપર્વ (કાવ્ય) | ( ,, ) | ૫૫ |
| ૨૩. | જીવનમીમાંસા. | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૫૬ |
| ૨૪. | પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ? | (મુનિશ્રી હંસસાગરજી મહારાજ) | ૬૫ |
| ૨૫. | સુધારો | | ૭૫, ૧૪૫ |
| ૨૬. | નૂતન વર્ષાભિલાષઃ (કાવ્ય) | ( માસ્તર વિજયચંદ મોહનલાલ શાહ ) | ૭૭ |
| ૨૭. | નૂતન વર્ષાભિનંદન (કાવ્ય) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૭૮ |
| ૨૮. | કલિકાલસર્વજ્ઞ (કાવ્ય) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૮૦ |
| ૨૯. | મૃત્યુસમીક્ષા. | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૮૧ |
| ૩૦. | દીપોત્સવી. (કાવ્ય) | ( મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૮૧ |
| ૩૧. | ખરું સહુ કામ બાકી છે. (કાવ્ય) | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૮૫ |
| ૩૨. | સ્તવનત્રિકનો સાર. | ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) | ૮૮ |
| ૩૩. | સુભાષિત વચનામૃતો. | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૯૦, ૨૬૦ |
| ૩૪. | કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય (કાવ્ય) | ( ,, ) | ૯૪ |
| ૩૫. | અમરઆશા | ( કનૈયાલાલ જ. રાવળ બી. એ. ) | ૯૫ |
| ૩૬. | આત્મ-સમર્પણ (કાવ્ય) | (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) | ૧૦૧ |
| ૩૭. | શ્રી વિજયવલ્લભસૂર્યષ્ટકમ્ (કાવ્ય) | ( પં. રામાનુજાચાર્યવિરચિત ) | ૧૦૨ |
| ૩૮. | ઉપદેશક પદ | (સુયશ) | ૧૦૩ |
| ૩૯. | નાલિકેરાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૧૦૪ |
| ૪૦. | પાપના પંથે | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૦૬ |
| ૪૧. | વિદ્યાર્થીઓને હિતસંદેશ. | ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૧૪ |
| ૪૨. | ચક્રવર્તી ચતુર્દશદ્વાર વર્ણન. | ( સંગ્રાહક V. ) | ૧૧૮ |
| ૪૩. | વીરપણું તે આતમઠાણે | ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) | ૧૨૦ |
| ૪૪. | ઉપદેશપદ | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૨૨ |
| ૪૫. | ભદ્રેશ્વર તીર્થમંડન શ્રી મહાવીર સ્તવન. | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૨૫ |
| ૪૬. | ધર્મરૂપી ઢાલ (કાવ્ય) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૧૨૬ |
| ૪૭. | શ્રી સિદ્ધસ્તોત્ર. | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા ) | ૧૨૭, ૧૫૬, ૧૭૬, ૨૦૦ |
| ૪૮. | નૈતિક ઉપદેશક પદ | ( સુયશ ) | ૧૩૦ |
| ૪૯. | શ્રી શ્રુતજ્ઞાન. | ( પં. શ્રી ધર્મવિજયજી મહારાજ ) | ૧૩૧, ૧૫૮, ૨૦૨, ૨૨૯ |
| ૫૦. | નિશ્ચય અને વ્યવહારથી બાર વ્રતનું સ્વરૂપ. | ( મુનિશ્રી પુણ્યવિજયજી : સંવિજ્ઞપાક્ષિક ) | ૧૩૭ |
| ૫૧. | વિનય : સાચું આભૂષણ | | ૧૩૯ |
| ૫૨. | માનવને હિતોપદેશ | ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૪૦ |
| ૫૩. | ઐતિહાસિક દૃષ્ટિ | ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) | ૧૪૧ |
| ૫૪. | તડાગાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૧૪૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર. | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૫૫. | સર્વવ્યાપી આત્મદેવને | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૫૩ |
| ૫૬. | સાવધાન સદા સુખી | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૫૨ |
| ૫૭. | પ્રભુ સ્તુતિ (કાવ્ય) | (સુયશ) | ૧૫૫ |
| ૫૮. | ,, ( ,, ) | ( ,, ) | ૧૬૧ |
| ૫૯. | ચારિત્રાચારના સંક્ષેપમાં આઠ પ્રકાર | ( મુનિશ્રી પુણ્યવિજય : સંવિજ્ઞપાક્ષિક ) | ૧૬૬ |
| ૬૦. | પ્રભુનું ગાન (કાવ્ય) | (સુયશ) | ૧૭૩ |
| ૬૧. | પ્રભુ મહાવીર પંચકલ્યાણક મહિમા (રાસ) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૭૪ |
| ૬૨. | વીર કા ધ્યાન | (સુયશ) | ૧૭૫ |
| ૬૩. | ધર્મસ્વરૂપ | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૭૮ |
| ૬૪. | મુનિનું સ્વરૂપ | | ૧૮૧ |
| ૬૫. | કૃત્રિમતા ( ડોળ-દંભ ) વિષે શ્વાનોક્તિ. | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૧૮૨ |
| ૬૬. | જ્ઞાન અને ક્રિયા. | | ૧૮૩ |
| ૬૭. | અજિત સૂક્તમાળા | ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૮૪ |
| ૬૮. | અહિંસાની અદ્‌ભુત શક્તિ | ( મોહનલાલ દી. ચોકસી ) | ૧૮૬ |
| ૬૯. | શાસ્ત્રજ્ઞાન | ( શ્રીમાન કુંદકુંદાચાર્ય ) | ૧૯૨ |
| ૭૦. | વિશ્વસંસ્કૃતિમાં જૈન ધર્મનું સ્થાન | (ઉધ્ધૃત) | ૧૯૩ |
| ૭૧. | શ્રી મહાવીર પ્રાર્થના (કાવ્ય) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૯૭ |
| ૭૨. | સમયધર્મ (કાવ્ય) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૧૯૮ |
| ૭૩. | નવપદ સ્તવન. | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૯૯ |
| ૭૪. | તાત્ત્વિક વિચારણા | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) | ૨૦૫ |
| ૭૫. | મહાવીર જિન સ્તવન | (સુયશ) | ૨૦૮ |
| ૭૬. | તાત્ત્વિક ઉપદેશ વચનો | ( સં. ને યો. મુનિશ્રી પુણ્યવિજયજી : સંવિજ્ઞપાક્ષિક) | ૨૦૯, ૨૨૭, ૨૫૩, ૨૭૯ |
| ૭૭. | દિવાલી દિન શ્રી વીરજિન સ્તવન | (સુયશ) | ૨૧૧ |
| ૭૮. | ‘ હે ચેતન ! આત્મસુખને પામ ’ | ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૧૨ |
| ૭૯. | સાચો શ્રમણ | ( શ્રીમાન કુંદકુંદાચાર્ય ) | ૨૧૬ |
| ૮૦. | ગુરુદેવ-સ્મરણ (કાવ્ય) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૨૧ |
| ૮૧. | સિંહાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૨૨ |
| ૮૨. | ધર્મરક્ષક-વિજયાનંદસૂરીશ્વરજી (કાવ્ય) | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૨૩ |
| ૮૩. | સુખ-દુઃખ વિચારણા | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૨૪ |
| ૮૪. | કષાયજય | | ૨૨૬ |
| ૮૫. | અપરિગ્રહ | ( શ્રીમાન કુંદકુંદાચાર્ય ) | ૨૩૪ |
| ૮૬. | દેવીનો સંદેશ | ( મોહનલાલ દી. ચોકસી ) | ૨૩૫ |
| ૮૭. | પરનિંદા (કાવ્ય) | ( અમરચંદ માવજી શાહ ) | ૨૩૮ |
| ૮૮. | છાત્રાલયો | ( લેખક: જૈન ) | ૨૩૯ |
| ૮૯. | મનઃશુદ્ધિ | ( યોગશાસ્ત્ર ) | ૨૪૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર. | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૯૦. | યોગાનુભવ સુખસાગર | ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૪૨ |
| ૯૧. | આદિ જિનંદ સ્તવન | (સુયશ) | ૨૪૫ |
| ૯૨. | આમ્રવૃક્ષાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૪૬ |
| ૯૩. | વિકાસના પંથે | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૪૮ |
| ૯૪. | નવતત્ત્વ (કાવ્ય) | ( અમરચંદ માવજી શાહ ) | ૨૫૨ |
| ૯૫. | સમભાવ | ( યોગશાસ્ત્ર ) | ૨૫૫ |
| ૯૬. | શ્રી હરિભદ્રસૂરિ | ( ઉધ્ધૃત ) | ૨૫૬ |
| ૯૭. | તનમનધનની સફળતા અને નિષ્ફળતા | ( અમરચંદ માવજી શાહ ) | ૨૫૯ |
| ૯૮. | શ્રી વિજયાનંદસૂરિને | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૬૧ |
| ૯૯. | એક એકાન્તવાસી મહાત્માનો ઉપદેશ | ( અનુઃ અભ્યાસી બી. એ. ) | ૨૬૨ |
| ૧૦૦. | પાર્શ્વનાથ સ્તવન | ( સુયશ ) | ૨૬૯ |
| ૧૦૧. | હંસાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૭૦ |
| ૧૦૨. | આત્મબિંબ ( કાવ્ય ) | ( અમરચંદ માવજી શાહ ) | ૨૭૧ |
| ૧૦૩. | અર્બુદગિરિ ( ,, ) | ( બાબુભાઇ મ. શાહ ) | ૨૭૨ |
| ૧૦૪. | પ્રશમની મૂર્તિસમા અનાથ મુનિ ( અપૂર્ણ ) | ( મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૭૩ |
| ૧૦૫. | સત્પુરુષ ( કાવ્ય ) | ( અમરચંદ માવજી શાહ ) | ૨૭૫ |
| ૧૦૬. | ભાવનાબળ શું ન કરી શકે ? | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૭૬ |
| ૧૦૭. | વીર પ્રભુની સ્તુતિ, ( કાવ્ય ) | ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૮૨ |
| ૧૦૮. | પેલો દિગંબર સાધુ | ( મોહનલાલ દી. ચોકસી ) | ૨૮૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઇટલ પૃષ્ઠ ૨ થી ચાલુ. )

લવાજમ વધારવું સભાને વ્યાજબી લાગ્યું નથી, તેમ સભાસદો-ગ્રાહકોનું તે માટે ફંડ કરવું યોગ્ય લાગ્યું નથી; તેમ દર વરસે અપાતી સુંદર ભેટની બુકમાં પણ ઉપરોક્ત કારણે આ વખતે કરકસર કરી માસિકની મહત્ત્વતામાં ઘટાડો પણ કરવાનો નથી જેથી આ વખતે **" ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરિ "** નામનું સુંદર પુસ્તક અમારા માનવંતા ગ્રાહકોને ભેટ આપવું સભાને યોગ્ય લાગ્યું છે.

**સ્વ. શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર** ( આત્મારામજી મહારાજ ) એમના સમયના એક યુગપ્રધાન પુરુષ હતા. જૈન સંઘને વીંટી વળેલો દોઢસો બસો વર્ષનો અંધકાર એમણે એકલે હાથે ઉલેચ્યો હતો. શાસ્ત્રભંડારોમાં ઢંકાઇ રહેલાં રત્નો એમણે ખુલ્લાં કરી બતાવ્યાં. તેઓ જેટલા ક્રિયાપરાયણ હતા તેટલા જ અધ્યયનશીલ હતા, જેટલા ક્રાંતિકારી હતા તેટલા જ ઋજુ અને નમ્ર હતા, જેવા ઉપાશ્રયના ઉપદેશક હતા તેવા જ સમર્થ પ્રચારક પણ હતા. સંયમ અને સિંહગર્જનાનો સુંદર સમન્વય એમની આકૃતિમાં, એમના સાહિત્યમાં અને જીવનવ્યવહારમાં પણ જોઇ શકાય છે. આવા એક મહાન પુરુષના ચારિત્રજીવનમાં બનેલા અનેક સુંદર પ્રસંગોનું વિસ્તારપૂર્વક વર્ણન આ ભેટની બુકમાં આપવામાં આવ્યું છે. જીવનચરિત્ર એ મનુષ્યજીવનને ઉન્નત બનાવવામાં અને મોક્ષ સુધી લઈ જવામાં એક માર્ગદર્શક વસ્તુ છે. આવું સુંદર પુસ્તક અમારા માનવંતા ગ્રાહકોને ભેટ આપવાથી આ વખતે પણ સંતોષ અને આનંદ થશે. જેથી–

## અમારા માનવંતા ગ્રાહકોએ નીચે પ્રમાણે લવાજમ મનીઑર્ડરથી મોકલી આપવું.

**રૂા. ૩-૮-૦ 'આત્માનંદ પ્રકાશ'ના વર્ષ ૩૯ તથા ૪૦ના બે વર્ષના લવાજમના તથા ૦-૩-૦ ઉપરની ભેટ બુકનું પોસ્ટેજ.**

**ઉપર મુજબ આપના તરફથી રૂા. ૩-૧૧-૦ મનીઆર્ડરથી મળ્યા બાદ ભેટની બુક પોસ્ટદ્વારા મોકલવામાં આવશે. મનીઑર્ડરથી લવાજમ નહિ મોકલનાર ગ્રાહકોને તેના વી. પી. પોસ્ટના રૂા. ૦-૩-૦ મળી કુલ રૂા. ૩-૧૪-૦નું વી. પી. કરવામાં આવશે, જે સ્વીકારી આભારી કરશો. પ્રથમ લવાજમ મોકલનારને પોસ્ટનો પણ લાભ થશે.**

અશાડ શુદિ ૧૫ થી ભેટની બુક અમાઉથી લવાજમ નહિ આવેલ હશે તેઓશ્રીને વી. પી. થી મોકલવામાં આવશે, તે અમારા માનવંતા ગ્રાહકો સ્વીકારી લેશે. કોઇપણ કારણે વી. પી. સ્વીકાર્યા વગર પાછું મોકલી, આવા મોંઘવારીના વખતમાં નાહક જ્ઞાનખાતાને નુકશાન નહિ કરવા નમ્ર સૂચના કરીએ છીએ.

## અમૃતસરનિવાસી લાલા ચુનીલાલજીનો સ્વર્ગવાસ.

અમૃતસર(પંજાબ)નિવાસી ધર્મમૂર્તિ લાલા ચુનીલાલજી જૈન થોડા દિવસની બિમારી ભોગવી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દેવગુરુધર્મના ઉપાસક હતા અને પુનામાં પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી પાસે બાર વ્રત અંગીકાર કર્યાં હતાં. દરરોજ બે વખત પ્રતિક્રમણ, પૂજા, તપશ્ચર્યા પણ સારા પ્રમાણમાં કરતાં. પર્યુષણ પર્વ અને નવપદ ઓળીમાં વ્યાખ્યાન પણ વાંચતા અને ક્રિયા કરાવતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી પંજાબમાં એક ધર્માત્મા શ્રાવકની ખોટ પડી છે. તેઓશ્રીના સુપુત્ર લાલા શાંતિલાલ આદિને તેમના પગલે ચાલવા ભલામણ કરવા સાથે સદ્ગતના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्री प्रभाचंद्रसूरिविरचित-

# श्री प्रभावक चरित्र (भाषांतर)

ઐતિહાસિક કથા-સાહિત્યનો આ ગ્રંથ વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્ય મહારાજના જીવન ઉપર કર્ત્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર કથાનક (ભાષાંતર) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિત જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સરલ, સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઈને આ ગ્રંથ અમુક અમુક જૈન શિક્ષણશાળાઓ માટે ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મેળવેલ છે. આવો ઉપયોગી સાહિત્ય-ગ્રંથ હોવાથી વાંચતાં પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ અલગ.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ |
| ૨. | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂા. ૨—૦-૦ |
| ૩. | સદર ભાગ ૨ જો. | રૂા. ૨—૮-૦ |
| ૪. | શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ |
| ૫. | શ્રી મહાવીર ચરિત્ર. | રૂા. ૩— ૦-૦ |
| ૬. | શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂા. ૨—૮-૦ |
| | | રૂા. ૧૩—૮-૦ |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂા. ૨-૦-૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવશે.

## કર્મગ્રંથ ભાગ ૧-૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨-૦-૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪-૦-૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬-૦-૦. પોસ્ટેજ જુદું.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા— ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only